

# પોપટોનો દેશ

લેખક
સિપ્પી પળ્ળિપ્પુરમ

અનુવાદક
કમલ જસાપરા

GJ
028.5
P 176 P

GJ
028·5
P 176 P

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# પોપટોનો દેશ

Library IIAS, Shimla
GJ 028.5 P 176 P
00116942

**POPATONO DESH : (पोपटोनो देश)**
Gujarati Translation by Kamal Jasapara of
Sri Sippy Pallippuram's Malayalam Book
Tathakalute Gramam, a collection of Short Stories for Children
Sahitya Akademi, New Delhi (1999) Rs. Fifty

@ Sahitya Akademi
First Edition : 1999

GJ
028.5
P 176 P

**Published by :**
Sahitya Akademi

**Head Office :**
Rabindra Bhavan, 35 Ferozeshah Road, New Delhi 110 001.

**Sales Department :**
Basement in 'Swati', Mandir Marg, New Delhi 110 001.

**Regional Offices :**
172 M.M.G.S. Marg, Dadar (East), Mumbai 400 014.
Jeevan Tara, 23A/44X, Diamond Harbour Road, Calcutta 700 053.
Guna, 304-305 Anna Salai, Teynampet, Chennai 600 018.
ADA Rangamandira, 109 J.C.Road, Bangalore 560 002.

ISBN 81-260-0730-3

116942
8/12/04

મૂલ્ય રૂા. 50

**Printed by :** New Age Printing Press, Bhupesh Gupt Bhavan,
85, Sayani Road, Prabhadevi, Mumbai 400 025.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | સમડીમાની ભેટ | 1 |
| 2. | પોપટોનો દેશ | 7 |
| 3. | ઈડલીમામા અને મિત્રો | 13 |
| 4. | બળદભાઈનું ઘર | 16 |
| 5. | સરદારની પુત્રી અને રીંછ | 21 |
| 6. | સરકસવાળો | 25 |
| 7. | વગર વિચાર્યે... | 31 |
| 8. | દેડકી અને કઠિયારો | 35 |
| 9. | એકતા | 39 |
| 10. | ખાડો ખોદે એ પડે | 45 |
| 11. | શિયાળની અદાલત | 48 |
| 12. | સસારામની હોંશિયારી | 54 |
| 13. | પાચન સસલાની શાકભાજીની લારી | 60 |
| 14. | અંગારો અને દેડકો | 65 |

# 1.
# સમડીમાની ભેટ

ચિંતામણી એક રાઁક છોકરી હતી. એ દસ વર્ષની હતી ત્યારે એના માબાપ મરી ગયા હતા.

માબાપ વિનાની ચિંતામણી એની મામી ગગણી અલંકારી સાથે રહેતી હતી. એ ચિંતામણી પર ત્યારે જુલમ ગુજારતી હતી.

ગગણી અલંકારની મોટી પુત્રી ફૂવડસોના મોકો મળતા જ ચિંતામણીને સતાવતી હતી.

એક દિવસ ગગણી અલંકારીએ થોડી ડાંગર બાફીને આંગણામાં સુકાવા માટે પાથરી. એણે ચિંતામણીને બોલાવીને કહ્યું :

"એલી આળસુની પીર, આ ડાંગર સુકાઈ ન જાય ત્યાં સુધી તું તડકામાં જ ઊભી રહેજે. કાગડો કે સમડી આવીને ડાંગર ખાઈ જશે તો હું તને ખૂબ મારીશ અને ઘરની બહાર કાઢી મૂકીશ.

બિચારી ચિંતામણી તો ગભરાતી, કાંપતી તડકામાં ઊભી રહીને ડાંગર ને સુકવવા લાગી.

એવામાં ક્યાંકથી એક સમડી ઊડીને આવી. એની ચાંચ ખુલેલી હતી, એણે ચિંતામણીને કહ્યું :

"વહાલી દીકરી, ડાહી દીકરી, હું સોનાપર્વતની સુવર્ણા સમડી છું. મને બહુ જ ભૂખ લાગી છે, તું મને થોડી ડાંગર ખાવા દઈશ કે?"

આ સાંભળીને ચિંતામણીએ સમડીને વિનંતિ કરી :

"ના, ના. સુવર્ણા સમડી. તું આમાંથી ડાંગર ખાઈશ નહિ. આમાંથી એક દાણો પણ ઓછો થશે તો મારી મામી મને મારીને ઘરની બહાર કાઢી મૂકશે."

"મામી તને કાઢી મૂકે તો તું મારે ઘેર આવતી રહેજે, હું તારું રક્ષણ કરીશ," સુવર્ણા સમડીએ ચિંતામણીને હિંમત આપી.

દયાળુ ચિંતામણીએ પછી સમડીને રોકી નહિ. સમડીએ ખરુ જ ઝડપથી એની ચાંચમાં સમાઈ શકે એટલા દાણા લઈ લીધા, દાણા ખાઈને પોતાની ભૂખ મટાડીને એ

તો આકાશમાં ઊડી ગઈ.

સાંજે ગગણી અલંકારી આવી અને ડાંગર માપી જોતાં જ એને ઓછી લાગી. ગુસ્સામાં આવીને એણે ચિંતામણીને ખૂબ મારીને ઘરની બહાર કાઢી મૂકી.



કોઈ જાતની ગતાગમ વિનાની ચિંતામણી રડતાં રડતાં રસ્તામાં ચાલવા લાગી. ત્યાં એને સુવર્ણા સમડીએ એના ઘરે આવવાનું કહ્યું હતું એ વાત યાદ આવી, પરંતુ એનું ઘર ક્યાં છે એવી એને ખબર નહોતી.

એ તો આગળ ચાલવા લાગી. થોડે દૂર ગઈ હશે ત્યાં એણે તડકામાં સુકાઈ ગયેલી એક કેળ જોઈ. ચિંતામણીએ કેળને પૂછ્યું :

"કેળ માશી, કેળ માશી મને સોનાપર્વતની સુવર્ણા સમડીના ઘરે જવાનો રસ્તો બતાવશો કે?"

"રસ્તો તો હું તને બતાવીશ. પરંતુ એ પહેલાં તારે મને આ તડકામાંથી ઉખેડીને

છાયામાં વાવવી પડશે." કેળે જણાવ્યું.

ચિંતામણીએ અત્યંત શ્રમ કરીને કેળને જમીનમાંથી ઉખેડીને છાયામાં વાવી દીધી. તરત જ કેળ બોલી ઊઠી :

"થોડે દૂર જઈશ તો તને રસ્તામાં ટપકાંવાળી એક ગાય મળશે. એને પૂછીશ તો એ તને ચોક્કસ રસ્તો કરી આપશે."

ચિંતામણી તો આનંદમાં આવી જઈને આગળ ચાલવા લાગી, રસ્તામાં એણે ઘાસ ખાઈ રહેલી ટપકાંવાળી ગાય જોઈ. એણે એ ગાયને પૂછ્યું :

"ગુચ્છેદાર વાળવાળી ગાય, મને સોના પર્વતની સુવર્ણા સમડીને ઘરે જવાનો રસ્તો બતાવી આપીશ કે?"

"રસ્તો તો હું બતાવી આપીશ, પરંતુ તે પહેલાં તારે મને અહીંથી છોડીને ઘાસના મેદાનમાં લઈ જઈને બાંધવી પડશે." ગાયે જણાવ્યું.

ચિંતામણીએ તો ફટ કરતા ગાયને છોડી અને ઘાસથી ભરેલા મેદાનમાં લઈ જઈને બાંધી દીધી. તરત જ ટપકાંવાળી ગાય બોલી ઊઠી :

થોડે આઘે જઈશ કે રસ્તામાં પુષ્કળ ફૂલોવાળો ગુલાબનો એક છોડ દેખાશે. એને તું પૂછીશ તો એ તને પાકો રસ્તો ચોક્કસ બતાવશે.

ચિંતામણી રાજી થઈને આગળ આવી. થોડુંક ચાલી હશે ત્યાં રસ્તામાં એણે ફૂલોથી લદાયેલા, ગુલાબના એક છોડને જોયો. એણે ગુલાબના છોડને પૂછ્યું :

"ગુલાબના છોડ, ગુલાબના છોડ. સોના પર્વતની સુવર્ણા સમડીના ઘરે જવાનો રસ્તો ક્યો?"

"રસ્તો તો હું તને ચોક્કસ કહી આપીશ, પરંતુ એ પહેલાં મને થોડું પાણી લાવીને પાવું પડશે."

"ચિંતામણીએ તો બાજુના એક ઝરણામાંથી ખોબે ખોબે પાણી લાવીને છોડને પાયું.

ચિંતામણી ચાલીને ઘરે પહોંચી. એણે બારણું ખટખટાવ્યું. સુવર્ણા સમડીએ ત્યારે આનંદથી ચિંતામણીને આવકાર આપ્યો. એને ઘરમાં લઈ ગઈ.

સમડીએ ચિંતામણીને ખાવા માટે પક્વાન, મિઠાઈ વગેરે આપ્યા, પીવા માટે શરબત આપ્યું, એને પહેરવા માટે સારાં કપડાં પણ આપ્યાં. એ થોડા દિવસ સમડીની સાથે રહી.

એક દિવસ ચિંતામણીએ ઘેર પાછી જવા માટે સુવર્ણા સમડીની રજા માગી. સમડીએ એને પાછી જવા માટે રજા આપી.

ચિંતામણી જવાને તૈયાર થઈ કે સમડીએ નાના મોટા સાત ચરુ સાવીને ચિંતામણીની સામે મૂક્યાં :

"આમાંથી તને ગમે તે લઈ લે. આના વડે તું જિંદગીભર જીવી શકીશ." સમડીએ એને કહ્યું :

ચિંતામણીએ એમાંથી સૌથી નાનો ચરુ ઉઠાવી લીધો અને એ ચાલી નીકળી.

થોડું ચાલતાં જ એ ગુલાબના છોડ પાસે પહોંચી ગઈ. ગુલાબના છોડે એને મોટો ટોપલો ભરીને સુંદર મજાનાં મોટાં મોટાં ફૂલ આપ્યાં.

એ ત્યાંથી આગળ વધીને ટપકાંવાળી ગાય પાસે પહોંચી, ગાયે એક બોઘરણું ભરીને દૂધ આપ્યું.

ચિંતામણી આ બધું લઈને આગળ ચાલી કે રસ્તામાં કેળ આવી. કેળે એને મોટાં પાકાં કેળાંની લૂમ આપીને ભાવથી વિદાય આપી.

ટોપલો ભરીને ફૂલ, કેળાંની લૂમ, દૂધનું બોથરણું તથા ચરુ ઊંચકીને આવતી ચિંતામણીને જોઈ એની મામી સામે દોડી ગઈ. એનો ટોપલો, બોઘરણું અને બીજું બધુંજ પોતે ઊંચકી લીધું. ખૂબ જ લાગણી તથા પ્રેમ દાખવીને એને ઘરમાં લઈ ગઈ. ચરુ ખોલીને જોતાં જ એમાં સોનાના સિક્કા જોઈ એની આંખો ફાટી ગઈ.

આ બધુંય એને કેવી રીતે મળ્યું એ બધું એણે પૂછીને જાણી લીધું, આવું બધું કરવાથી મારી દીકરી ફૂવડસોનાને પણ સોનું મળી જશે એવું એને મનમાં વિચાર્યુ :

એણે એ જ સમયે થોડી ડાંગર આંગણામાં સુકવવા મૂકી, પછી એણે દીકરીને બોલાવીને કહ્યું :

"અલી ફૂવડ બેટી, આ ડાંગર સુકાઈ ન જાય ત્યાં સુધી તારે છાયામાં બેસીને તેની ચોકી કરવાની છે. કોઈ કાગડો કે સમડી આવીને ડાંગર ખાઈ જશે તો હું મારીને ઘરની બહાર કાઢી મૂકીશ એવું તારે કહેવાનું છે. પરંતુ હું તને કાંઈ કાઢીશ નહિ, હોં!"

ફૂવડસોના ખોટું ખોટું હસીને છાયામાં બેસીને ડાંગરની ચોકી કરવા લાગી.

એટલામાં ચાંચ ઉઘાડી રાખીને સુવર્ણા સમડી ત્યાં આવી ચઢી. એણે ફૂવડસોનાને કહ્યું :

"મારી હોંશિયાર દીકરી, વહાલી દીકરી, હું સોના પર્વતની સુવર્ણા સમડી છું. મને બહુ જ ભૂખ લાગી છે, મને થોડી ડાંગર ખાવા દઈશ કે?"

આ સાંભળી ફૂવડસોના સમડી પર ગુસ્સે થઈ ગઈ : "બદમાશ સમડી, લુચ્ચી સમડી, તારે આમાંથી ડાંગર ખાવાની નથી. આમાંથી ડાંગરનો એક દાણોય ઓછો થશે તો મારી મા મને ખૂબ મારશે અને ઘરની બહાર કાઢી મૂકશે."

સાંજે ગગણી અલંકારી આવી અને ડાંગર ઓછી થઈ જોઈને ફૂવડસોનાને ખૂબ મારતી હોવાનો ડોળ કરી, ખોટા ખોટા અવાજ કર્યા, અને પછી એને ઘરની બહાર કાઢી મૂકી.

યુક્તિબાજ ફૂવડસોના રડતી હોવાનો ડોળ કરીને રસ્તામાં આગળ વધવા લાગી.

થોડું ચાલી હશે ત્યાં એણે તડકાથી સુકાઈ ગયેલી કેળ જોઈ.

ચિંતામણીએ સોનાપર્વતનો રસ્તો તો બતાવ્યો જ હતો. ફૂવડસોના એ જાણતી હતી છતાંય એણે કેળને રસ્તો પૂછ્યો.

"મને તડકામાંથી ઉખેડીને છાયામાં વાવીશ તો હું તને રસ્તો બતાવીશ." એવું કેળે કહ્યું.

પરંતુ ફૂવડસોનાએ એની વિનંતિ ગણકારી નહિ એટલું જ નહિ પરંતુ જતી વખતે એને એક ગોદો મારતી ગઈ.

થોડે દૂર ગઈ ત્યાં એણે ઘાસ ચરી રહેલી ટપકાંવાળી ગાય જોઈ. એણે ટપકાંવાળી ગાયને સોના પર્વતમાં જવાનો રસ્તો પૂછ્યો. જવાબમાં ગાયે શરત મૂકી : "મને અહીંથી થોડીને ઘાસવાળા મેદાનમાં લઈ જઈને બાંધે તો હું તને રસ્તો બતાવું."

પરંતુ ફૂવડસોનાએ એની કોઈ વાત માની નહિ અને પીઠ પર થપ્પડ મારીને ત્યાંથી દોડી ગઈ.

થોડું આગળ વધતાં જ રસ્તામાં ગુલાબના પુષ્પોથી લદાયેલો એક છોડ નજરે પડયો. એણે સોના પર્વત પહોંચવા માટે રસ્તો પૂછ્યો.

"મને થોડું પાણી પાઈશ તો રસ્તો બતાવીશ એવું ઘોડે જણાવ્યું."

પરંતુ ફૂવડસોનાએ એની વાત સાંભળી નહિ. એટલું જ નહિ એણે છોડને ફટકારીને બધાં ફૂલ ખેરવી નાખ્યાં અને ત્યાંથી દોડી ગઈ.

એ સુવર્ણા સમડીના ઘેર જઈ પહોંચી, એણે બારણું ખટખટાવ્યું. સુવર્ણા સમડીએ રાજી થઈને એને આવકારી અને ઘરમાં લઈ ગઈ.

સમડીએ એને પણ ખાવા પીવા પહેરવા ઓઢવાની બધી ય સગવડ કરી આપી. એ રાત ફૂવડસોનાએ સમડીને ત્યાં ગાળી.

બીજા દિવસે તો ફૂવડસોનાએ ઘેર પાછા જવાની રઢપકડી. સુવર્ણા સમડીએ એને જવાની રજા આપી.

એ વિદાય લઈ રહી હતી ત્યાં સમડીએ એની આગળ નાના મોટા સાત ચરુ રજૂ કર્યા અને કહ્યું :

"આમાંથી તને જે ગમે તે એક લઈ લે. તારા લાયકનું તને એમાંથી મળી રહેશે."

ફૂવડસોનાએ તો એમાંથી સૌથી મોટો ચરુ પસંદ કર્યો. એ લઈને એ ચાલવા લાગી.

થોડુંક ચાલી ત્યાં તો ગુલાબનો છોડ મળયો. આ છોડે ગુસ્સામાં આવીને એના પર કાંટા ફેંક્યા.

ત્યાંથી આગળ ચાલતાં જ ટપકાંવાળી ગાય એને મળી. ગાયે તો મોટેથી ભાં ભરીને ફૂવડસોનાની પીઠમાં માથું અફળાવ્યું, ત્યાંથી થોડું અંતર વટાવી ને એ કેળની

પાસે જઈ પહોંચી. કેળ તો એને નજીક આવતી જોઈ એના પર પડી, અને કૂવડ પણ નીચે પડી ગઈ.

આમ છતાંય એ જેમ તેમ ઊભી થઈ, કપડાંપરથી માટી ખંખેરી નાંખી અને મોટો ચરુ ઊંચકીને એ ઘેર પહોંચી.

ઘેર પહોંચતા જ એની રાહ જોઈ રહેલી ગગણી અલંકારીએ એને હરખભેર આવકારી. બંને જણીએ ખુશ થતાં થતાં ત્યારે ઉત્કંઠાથી ચરુ ઉઘાડ્યો. અચાનક તેમાંથી ફેણ ફેલાવેલો એક સાપ બહાર નીકળ્યો.

સાપ તો બંનેને ડંખ મારવા એની પાછળ સરકવા લાગ્યો. મા દીકરી બંનેય મોટે મોટેથી રડતી ક્યાંની ક્યાંય દોડી ગઈ. અતિ લોભ તે પાપનું મૂળ છે એવું બંનેને ત્યારે સમજાયું.


❑

# 2.
# પોપટોનો દેશ

એક જમાનામાં પોપટગ્રામ નામના ગામમાં ફક્ત પોપટો જ રહેતા હતા. આ ગામમાં ચાંચલાલ કીરનું રાજ ચાલતું હતું. એ ભારે અભિમાની તથા યુક્તિબાજ હતો. એથી એની રૈયત એનાથી ગભરાતી હતી.

દર વર્ષની જેમ પોપટગ્રામમાં પણ શિયાળો આવ્યો. ઠંડીથી બચવા માટે તમામ પોપટોએ નવાં કપડાં શિવડાવી પહેરવા માંડ્યાં.

પરંતુ પંચમ નામના ગરીબ પાસે કપડાં જ નહોતાં. એતો ટાઢથી થરથર કાંપવા લાગ્યો.



ક્યાંયથી ગમેતેમ કરીને કપડાં નહિ બનાવડાવું તો આ ઠંડીથી હું થીજીને મરી જઈશ એવું પંચમ મનમાં વિચારવા લાગ્યો. એક દિવસ એ કપડાં મેળવવા બહાર નીકળ્યો.

ઊડતો ઊડતો એ પરંબી તળાવ પાસે પહોંચ્યો. ત્યાં એણે કપાસનું મોટું ખેતર જોયું.

ખેતરમાંથી પંચમે થોડું રૂ મેળવી લીધું. રૂ લઈને એ કડપથી પીંજારા કુન્ચન પોપટ પાસે પહોંચી ગયો. બારણું ખટખટાવીને પંચમે પૂછ્યું.

"કુન્ચન પોપટ, કુન્ચન પોપટ! થોડું રૂ લાવ્યો છું. પીંજી આપીશ કે?"

આ સાંભળતાં જ પીંજારા કુન્ચનને ગુસ્સો આવ્યો. એણે કહ્યું.

"ના, રસ્તે રખડતા બેકારોને હું રૂ પીંજી આપતો નથી."

પીંજારાનો ગુસ્સો જોઈને પંચમના પેટનું પાણી હાલ્યું નહીં, એણે એક યુક્તિ લડાવી :

"રાજ ચલાવતા રાજાને
રખડતો, બેકાર કહ્યોં તેં
ખબર પડશે આની રાજાને
શિર વઢાઈ જશે તારું, ચોક્કસ"

ઓહ! મેં આ શું કર્યું? રાજ ચલાવતા રાજાને રખડતો બેકાર કહ્યો, મેં પોતાની ભૂલ સમજાતાં જ એ બહુ જ ગભરાઈ ગયો. એ પંચમના પગે પડ્યો.

"પંચમભાઈ! વહાલા ભાઈ! આ વાત તું આપણા અન્નદાતા ગણાતા રાજાને ન કરેતો, રાજાએ મોકલાવેલું રૂ હમણાં જ તને પીંજી આપુ છું."

પીંજેલા રૂને લઈને પંચમ તો સુતર કાંતનારી કીર સુંદરી પાસે ગયો.

બારણાં પર ટકોરા મારીને એણે પૂછ્યું :

"સુતર કાંતનારી કીર સુંદરી, આનું સુતર વણી આપીશ કે?"

આ સાંભળતા જ કીર સુંદરીને ગુસ્સો આવ્યો. એ બોલી ઊઠી :

"હરગિઝ નહિ, કામકાજ ન કરતાં આળસુઓને હું સુતંર વણી આપતી નથી."

એનો ગુસ્સો જોઈને પંચમના પેટનું પાણી હાલ્યું નહિ. એણે પોતાની યુક્તિ અજમાવી :

"રાજ ચલાવતા રાજાને
આળસુનો પીર કહ્યો, તેં
ખબર પડશે આની રાજાને
શિર વઢાઈ જશે તારું, ચોક્કસ"

રાજ ચલાવતા રાજાને મેં આળસુનો પીર કહ્યો. આનું ભાન થતાં જ કીર સુંદરી

ફફડવા લાગી. એ તો પંચમના પગે પડીને કરગરવા લાગી :

"પંચમ મારા ભાઈ! તું આ વાત રાજાને કરીશ મા. રાજાએ જે કાંઈ રૂ મોકલ્યું છે તે મને આપ. હું હમણાં જ સુતર વણી આપુ છું."

કીર સુંદરીએ ફટાફટ સુતરના તાંતણા તૈયાર કરી આપ્યા.

ચાંચમાં તાંતણા ભેરવી પંચમ તો વણકર વજુ પોપટ પાસે ગયો. એણે એનું બારણું ખટખટાવ્યું અને પૂછ્યું :

"વણકર ઓ વજુ વણકર
આનું કાપડ વણી આપીશ કે?"

વજુ પોપટને ગુસ્સો આવ્યો. વણકર વજુ બોલી ઊઠ્યો :

"ના, ઈજ્જત ઢાંકવા જેની પાસે કપડા ન હોય એવા માટે હું નવું કાપડ વણતો નથી."

વણકર વજુ પોપટના ગુસ્સાની પંચમને કોઈ અસર ન થઈ. એણે તો પોતાની જૂની યુક્તિ કામે લગાડી :

"રાજ ચલાવતા રાજાને
તેં કપડા વિનાનો કહ્યો
ખબર પડશે આની રાજાને
શિર વઢાઈ જશે ચોક્કસ તારું"

રાજ ચલાવતા રાજા પાસે ઈજ્જત ઢાંકવા કપડાં નથી એવો મેં આક્ષેપ કર્યો. હાય, હાય, એતો ગભરાઈ ગયો. વજુ પોપટ એને વળગી પડ્યો અને કરગર્યો :

"પંચમભાઈ! આ વાત તું આપણા અન્નદાતા રાજાને કરીશ નહિ, રાજાએ મોકલેલા તાંતણાને વણીને હમણાં જ હું કાપડ તૈયાર કરી આપુ છું."

વજુ વણકરે તો તરત જ તાંતણામાંથી સુંદર કાપડ વણી આપ્યું.

કાપડ લઈને પંચમ રંગારા ચારુ પોપટ પાસે પહોંચી ગયો. પંચમે એને પૂછ્યું :

"રંગારા ઓ ચારુ પોપટ
આ કાપડને રંગ ચઢાવીશ કે?"

આ સાંભળી રંગારા ચારુ પોપટને ગુસ્સો આવ્યો અને એ બોલી ઊઠ્યો : "ના, નાણાં વિનાના લોકોના કપડાંને હું રંગ ચઢાવતો નથી."

રંગારા ચારૂ પોપટનો ગુસ્સો જોઈ પંચમના પેટનું પાણી ન હાલ્યું. એ બોલ્યો :

"રાજ કરતાં રાજાને તેં
નાણાં વિનાનો કહ્યો
ખબર પડશે રાજાને આની
તો શિર વઢાશે તારું ચોક્કસ"

અરે રાજ કરતાં રાજાને મેં નાણાં વિનાનો કહ્યો. હુંય કેવો મૂર્ખો. એ તો ખૂબ જ ગભરાઈ ગયો. એણે તો પંચમની માફી માગી અને કરગરતાં કરગરતાં કહ્યું :

"પંચમ વહાલા ભાઈ, તું આપણા અન્નદાતાને આ વાત કરતો નહિ, રાજાએ મોકલેલું કાપડ મને આપ. હું તેને મેઘધનુષ્યનો રંગ ચઢાવી આપુ છું."

રંગારા ચારુએ તો ઝટપટ કાપડ લઈ લીધું અને એને રંગબેરંગી રંગોમાં ઝબો બ્યું. કાપડનો રંગ ખીલી ઊઠ્યો.

રંગેલું કાપડ લઈને પંચમ, દરજણ હેમા પાસે ગયો. દુકાનમાં પગ મૂક્તા જ પંચમ પોપટે પૂછ્યું :

"હેમા દરજણ, મેના દરજણ
આના કપડાં શીવી આપીશ કે?"

આ સાંભળીને હેમા દરજણને ગુસ્સો આવ્યો. એ બોલી ઊઠી, "ના, હાલી મવાલીના હું કપડાં નથી શીવતી."

હેમા દરજણની આ મૂર્ખાઈથી પંચમના પેટનું પાણી ન હલ્યું, એ બોલ્યો :

"રાજ ચલાવતા રાજાને તેં
હાલી, મવાલી કહ્યો, એ
ખબર પડશે રાજાને આની
તો શિર વઢાશે તારું, ચોક્કસ"

હું ય કેવી મૂર્ખી. રાજાને મેં હાલી મવાલી કહ્યો. પોતાની ભૂલ સમજાતાં જ એને પસ્તાવો થયો. એ તો પંચમના પગે પડી અને બોલી :

"પંચમભાઈ, વહાલા ભાઈ! તું આ વાત આપણા અન્નદાતા રાજાને કરીશ નહિ. રાજાએ મોકલેલા કાપડામાંથી હું લાલ ઝબ્બો, પીળી સુરવાળ તથા પીંછાવાળી ટોપી શીવી દઈશ."

હેમાએ તો અત્યંત ઝડપથી કપડાં તથા ટોપી શીવી દીધાં. પંચમે તો કપડાં તથા ટોપી પહેરીને થોડીવાર તો રૂઆબથી આમતેમ આંટા માર્યા. આ પહેરવેશ રાજાને શોભે તેવો છે એવું એને લાગ્યું. રાજ કરતાં રાજાને આ પહેરવેશ બહુ જ ગમશે એવું એને થયું.

પંચમ પોપટ ચાંચલાલ કીર રાજાની રાજધાની ભણી ઉપડી ગયો.

રાજધાનીની ઓમેર ઊડી જોયા બાદ પંચમ પોપટ બોલ્યો :

"જુઓ, ઓ રાજાધિરાજ
મારો પહેરવેશ જુઓ
જોતાં જ લાગે કે હું
રાજ ચલાવતો રાજા છું"

આ સાંભળી ચાંચલાલ કીર રાજાને ત્યારે ગુસ્સો આવ્યો. એણે તરત જ ફરમાન

કર્યું :

"રાજ ચલાવતા રાજાની નિંદા કરતા પંચમ પોપટનાં કપડાં ઊતારી લો. એની ટોપી પણ છીનવી લો."

આ સાંભળીને પ્રધાન પોપટ તથા સેનાપતિ પોપટોએ મળીને એનાં કપડાં તથા ટોપી ઊતારી લીધાં. પંચમ તો અગાઉના જેવો ફક્કડ બની ગયો.

પંચમે એ જ દિવસે પોપટગ્રામમાં ફટરીને એના તમામ પોપટમિત્રોને મળીને એક સભાનું આયોજન કર્યું.

"મારા કપડાં ટોપી વગેરેની
ચલાવી લૂંટ આપણા રાજાએ
ઈજ્જત ઢાંકીને ચાલવાનો શું
અધિકાર નથી આમજનતાને?"

પંચમ પોપટે રજૂ કરેલી આ વાત બીજા લોકો મારફત રાજાના કાને પહોંચી ગઈ. એને વધુ ગુસ્સો ચઢ્યો અને રાજાએ બીજું ફરમાન છોડ્યું.

"રાજ ચલાવતા રાજાને ચોર લૂંટારો કહેનારા પંચમ પોપટને પકડીને જેલમાં પૂરી દો."

આ સાંભળતા જ પંચમે પોપટગ્રામના ચોકમાં એક મોટી સભા બોલાવી.

"સાચુ બોલવાનો કરશો મા પ્રયાસ
કારણ કે નથી ગમતું સત્ય રાજાને
હું નિર્ભય બનીને સાચું બોલ્યો અને
મને જેલમાં પૂરવાનો છૂટ્યો હુક્મ"

પંચમ પોપટનું આ પ્રવચન બીજા લોકો મારફત ચાંચલાલ કીર રાજા પાસે પહોંચી ગયું. પરંતુ આ વખત તેમને ગુસ્સો ન આવ્યો. એણે કહ્યું :

"પંચમ પોપટને જેલમાં પૂરશો મા. એ તો એક સામાન્ય પોપટ છે. આપણે એની વાતને ભૂલી જઈએ."

રાજાએ લીધેલા આ નિર્ણાયની જાણ થતાં જ પંચમ પોપટે બીજી એક સભા બોલાવી. પોપટોની મેદનીની સામે એ બુલંદ અવાજે બોલી ઊઠ્યો :

"ભાઈઓ! ખબર પડી તમને
ગભરાય છે આ રાજા મારાથી
મને જેલમાં પૂરવાની પણ
નથી હિંમત એ ડરપોકમાં."

આ સાંભળીને બીજા પોપટોને પણ ચાંચલાલ કીર રાજા પ્રત્યે અણગમો જાગ્યો. અભિમાનીએ યુક્તિબાજ ગણાતો રાજા ડરપોક પણ છે.

"આવા ડરપોક રાજાને આપણે સિંહાસન પરથી ઉઠાડી મૂકવો જોઈએ." એક જાણીતા પોપટે સૂચન કર્યું.

બધાય પોપટો એકઠા થયા, સૌ એક સરઘસ કાઢીને સૂત્રો પોકારતા ચાંચલાલ કીર રાજાના મહેલ ભણી કૂચ કરવા લાગ્યા.

"ડરપોક રાજા, બીકણ રાજા
ભાગીજા, જલ્દી જલ્દી ભાગીજા
ચાંચલાલ કીર નથી અમારો રાજા
ન ચઢવો જોઈએ એ અમારી નજરે"

પોપટોના જોરશોરના અવાજો તથા બુલંદ સૂત્રો સાંભળીને ચાંચલાલ કીર રાજા ગભરાઈને થરથરતો પાછલા દરવાજેથી ભાગી ગયો.

બધાએ મળીને પોપટગ્રામના નવા રાજા તરીકે ગરીબ પણ બુદ્ધિશાળી પંચમ પોપટને પસંદ કર્યો.

પીળી સુરવાળ, લાલ ઝબ્બો તથા પીંછાવાળી ટોપી પહેરીને આ સારો અને ભલો પંચમ પોપટ કેટલાંય વર્ષો સુધી પોપટગ્રામ પર શાસન ચલાવતો રહ્યો. દેશમાં શાંતિ, સચ્ચાઈ તથા સમૃદ્ધિની બોલબાલા રહી.

❑

## 3.
# ઈડલીમામા અને મિત્રો

ઈડલીમામા, પ્રતીતિ ઉંદરડી તથા ખજૂરાક્ષી ચકલી ગાઢ મિત્રો હતા. નંબૂદિરીગૃહના રસ્તે આવતા એક લુહારની ઝૂંપડીમાં તેઓ ત્રણેય રહેતાં હતાં. સવાર પડતા વેંત ત્રણેય જણા પોત પોતાનાં કામે લાગી જતાં. ખજૂરાક્ષી ચકલી ખેતર તથા બગીચાઓમાં ફરીને તેઓની જરૂરિયાત મુજબ દાણા તથા શાકભાજી લાવતી. પ્રતીતિ ઉંદરડી જંગલમાં જઈ રસોઈ કરવા માટે ચૂલો પેટાવવા જેટલાં લાકડાં તથા ડાળીઓ લઈ આવતી. ઈડલીમામા તો ઘેર બેઠા બેઠા અનાજના દાણા તથા શાકભાજી સાફસૂફ કરી દાળભાત તથા શાક બનાવી દેતા. રસોઈ તૈયાર થતાં જ ત્રણેય મિત્રો ગોળાકારમાં જમવા બેસી જતા તેઓ શાંતિ તથા આનંદથી જમી લીધા બાદ ગીતો ગાઈ, નાચી કૂદીને કેટલોક સમય પસાર કરતા. ઈડલીમામા, પ્રતીતિ ઉંદરડી તથા ખજૂરાક્ષી ચકલીની આ મૈત્રી જોઈ સામેની ડાળી પર વસતી ખિસકોલી તથા આ બાજુની ડાળ પર રહેલી સુંદરી મેના અદેખાઈથી બળી જતી હતી.



આમ છતાંય આ ત્રણેયની મૈત્રીમાં ક્યારેય ઓટ આવી નહોતી. પરંતુ થોડા

દિવસ પસાર થતાં જ ખજૂરાક્ષી ચકલીના મનમાં એક વિચાર આવ્યો : હું એકલી જ સવારથી ખેતરો તથા બગીચાઓમાં ઊડી ઊડીને અનાજના દાણા તથા શાકભાજી એકઠા કરું છું. પ્રતીતિ ઉંદરડીએ થોડી ડાળ ભેગી કરી લીધી એટલે બસ એનું કામ પતી ગયું? બાકીનો સમય એ મજા કરે, ઊંઘે. બીજુ કોઈ કામ જ નહિ. ઈડલીમામાએ તો બહાર જ નહિ જવાનું. રસોઈ કરી લીધી એટલે થયું. સાવ નવરા. બીજુ કોઈ કામ જ નહિ. આવી પદ્ધતિને વધુ સમય સુધી ચાલુ ન રાખી શકાય, એવું ખજૂરાક્ષીને લાગ્યું. એક ત્રણે મિત્રોને બોલાવીને ગુસ્સામાં આમ કહ્યું :

"મિત્રો! આજથી આપણે કામકાજમાં ફેરફાર કરીએ તો?"

"યાર, અમને મંજૂર છે" ઈડલીમામા તથા પ્રતીતિ ઉંદરડીએ સંમતિ દર્શાવી.

"તો પછી ઈડલીમામા, તમે જઈને દાણા તથા શાકભાજી લઈ આવો" ખજૂરાક્ષી ચકલીએ સૂચના આપી.

સૂચના મળતાં જ ઈડલીમામા શાકભાજી તથા અનાજના દાણા એકઠા કરવા ખેતરો તથા બગીચાઓ તરફ જવા લાગ્યા.

"હું જંગલમાંથી ચૂલો પેટાવવા લાકડાં તથા ડાળીઓ લઈ આવીશ." ખજૂરાક્ષી ચકલી જવા માટે તૈયાર થઈ.

"તો પછી મારે શું કરવાનું?" પ્રતીતિ ઉંદરડીએ સવાલ કર્યો.

"તું રસોડામાં જઈને શાકભાજી, રોટલી, દાળભાત વગેરે બનાવવા માંડ."

ખજૂરાક્ષી લાકડાં વીણવા જંગલ ભણી રવાના થઈ અને પ્રતીતિ ઉંદરડી રસોડા તરફ વળી. આ રીતે ત્રણેય કોઈપણ જાતના અનુભવ વિનાના કામમાં પડ્યા.

ઈડલીમામા તો ચાલતા ચાલતા નાનું અમથું ખેતર વટાવીને આગળ ચાલ્યા કે રસ્તામાં આદુના જંગલમાંથી આવેલો કુંજુ શિયાળ મળ્યો.

મામાને જોઈ એની જીભમાંથી લાળ ટપકવા લાગી. એણે ઈડલીમામાને પૂછ્યું :

"ઈડલીમામા, આમ ઉતાવળા ક્યાં ચાલ્યા?"

"હું શાકભાજી અને અનાજના દાણા એકઠા કરવા નીકળ્યો છું." ઈડલીમામાએ જવાબ આપ્યો.

"પરંતુ એવું કાંઈ થશે નહિ. હું હમણાં જ તને કરડી ખાઈશ" કુંજુ શિયાળે કૂદીને ઈડલીમામાની પીઠમાં બચકુ ભર્યું.

મોટેથી ચીસ પાડીને ઈડલીમામા કુંજુ શિયાળનો સામનો કરવા લાગ્યા. ત્યારે જહેમતના અંતે મામા શિયાળની ચુંગાલમાંથી છટકીને દોડ્યા. જો કે શિયાળે એમની પીઠમાંથી થોડો ભાગ કરડી ખાધો હતો.

ઈડલીમામા જ્યારે ઘેર પહોંચ્યા ત્યારે પ્રતીતિ ઉંદરડી આંખ પર હાથ ઢાંકીને રડતી હતી.

"શું થયું, સખી?" ઈડલીમામાએ પૂછ્યું.

"ધુમાડો તથા ગરમી લાગવાથી મારી આંખો બળે છે. શાકમાં વધારે પડતું મીઠું પડી જવાથી એ ખારું બની ગયું છે. મારાથી આ ચૂલો સંભાળો શકશે નહિ." પ્રતીતિ ઉંદરડી રોષમાં બોલી.

આ દરમિયાન ખજૂરાક્ષી ચકલી થાકીને લોથપોથ થઈને ઊડતી ઊડતી ત્યાં પહોંચી : "મારી ચાંચ બહુ જ દુખે છે. ઝાડ કાતરવાનું તથા ડાળી તોડવાનું મારાથી નહિ બને." ચકલી તો રડવા લાગી.

આ બધુ સાંભળીને ઈડલીમામા બોલી ઊઠ્યા : "મિત્રો જેનું કામ જે હોય એ જ કરે. જેને આવડતું હોય એ જ કામ એણે કરવું જોઈએ. નહીતર આવી રીતે હેરાન થવું પડશે."

"ખરી વાત છે." પ્રતીતિ ઉંદરડીએ ટાપસીં પૂરાવી.

"વાત તદ્દન ખરી છે." ખજૂરાક્ષી ચકલીએ સંમતિ દર્શાવી.

એ દિવસે તેઓને ખાવાનું ન મળ્યું. પ્રતીતિ ઉંદરડીએ બનાવેલી રસોઈમાં વધુ પડતું મીઠું પડી ગયું હોવાથી ખાઈ શકાય તેવી નહોતી.

બીજા દિવસથી તેઓએ અગાઉની જેમ પોતાના કામકાજ સંભાળી લીધા.

ખજૂરાક્ષી ચકલી ખેતર તથા બગીચાઓમાં ઊડી ઊડીને શાકભાજી તથા અનાજના દાણા લઈ આવી.

પ્રતીતિ ઉંદરડી જંગલમાંથી લાકડા તથા ઝાડની ડાળીઓ વીણી લાવી.

ઈડલીમામાએ અનાજના દાણા, શાકભાજી વડે દાળભાત રોટલી શાક બનાવી કાઢ્યા, પછી તો ત્રણેય ગોળાકારમાં ગોઠવાઈને જમ્યા. થોડો સમય નાચ ગાનમાં વીતાવ્યો.

ચકલી તથા ઉંદરડીએ લેપ તૈયાર કરીને ઈડલીમામાની પીઠપર લગાવી આપ્યો અને વખત જતા તેઓ પહેલાંના જેવા બની ગયા. એકતા એ જ મોટી વાત છે એવું તેઓ શીખ્યા.

❑

# 4.
# બળદભાઈનું ઘર

શિયાળાની શરુઆત થઈ. કડકડતી ઠંડીમાંથી બચવા માટે મારું પોતાનું એક નાનું ઘર એવું જોઈએ એવું ડુંગરની બાજુમાં રહેતા મણીકંઠ બળદે નક્કી કર્યું. ઘર ઊભું કરવા માટે એણે મિત્રોની મદદ માગવાનુ નક્કી કર્યું. પર્વતની આગળ એ જંગલમાં જવા લાગ્યો. થોડું ચાલ્યો હશે ત્યાં તો એક કાળો જંગલી આખલો ઘાસ ચરતો દેખાયો. મણીકંઠ બળદે પ્રેમથી જંગલી આખલાને કહ્યું :

"આખલાભાઈ, આખલાભાઈ શિયાળો આવવા લાગ્યો છે. કડકડતી ઠંડીથી બચવા માટે એક ઘર તૈયાર કરવું છે. મને મદદ કરીશ તો તને પણ ઘરમાં રહેવા થોડી જગ્યા આપીશ."

"મને તારું ઘરબાર કાંઈ જ જોઈતું નથી. ઠંડીથી બચવા માટે મારા શરીર પર પુષ્કળ વાળ છે. તું તારે રસ્તે જા." કાળો જંગલી આખલો ભાંભરીને મોઢું ફેરવી ઊભો રહી ગયો.

છતાંય મણીકંઠ બળદ નિરાશ ન થયો. બીજા મિત્રોની શોધમાં એ આગળ વધ્યો.

થોડું ચાલ્યો હશે ત્યાં એક જગ્યાએ રામન ઘેટાને ઊભેલો જોયો. એના શરીર પર પુષ્કળ ઊન હતું. મણીકંઠ બળદે પ્રેમપૂર્વક રામન ઘેટાને આમ કહ્યું :

"ઘેટાભાઈ, ઘેટાભાઈ, શિયાળો આવવા લાગ્યો છે કડકડતા ઠંડીથી બચવા માટે મારે એક ઘર તૈયાર કરવું છે. મને મદદ કરીશ તો તને પણ ઘરમાં રહેવા માટે થોડી જગ્યા આપીશ."

"મને તારું ઘરબાર કાંઈ જ જોઈતું નથી. ઠંડીથી બચવા માટે મારા શરીર પર પુષ્કળ ઊન છે. તું તારે રસ્તે જા." રામન ઘેટો તો શિંગડા ઉછાળતો ચાલી નીકળ્યો.

છતાંય મણીકંઠ બળદ નિરાશ ન થયો. બીજા મિત્રોની શોધમાં એ આગળ વધ્યો. રસ્તામાં એણે એક જગ્યાએ લડવૈયા હેમ મરઘાને ઊભેલો જોયો. કૂકડાઓની જાતીની લડાઈમાં હેમ મરઘો હંમેશા ભાગ લેતો અને જીતી જતો. મણીકંઠ બળદે પ્રેમપૂર્વક હેમ મરઘાને આમ કહ્યું :

"મરઘાભાઈ, મરઘાભાઈ, શિયાળો આવવા લાગ્યો છે. કડકડતી ઠંડીથી બચવા


માટે મારે એક ઘર તૈયાર કરવું છે. તું મને મદદ કરીશ તો હું તને ઘરમાં રહેવા માટે થોડી જગ્યા આપીશ."

"મને તારું ઘરબાર કાંઈ જ જોઈતું નથી. ઠંડીથી બચવા માટે મારા શરીરમાં રેશમ જેવા પીંછા છે. તું તારા રસ્તે જા." હેમ મરઘો તો મોટેથી કૂકડે કૂક બોલીને ત્યાંથી ચાલી નીકળ્યો.

મણીકંઠ બળદ નિરાશ ન થયો. બીજા મિત્રોની શોધમાં એ આગળ વધ્યો. રસ્તામાં એણે એક જગ્યાએ ઝાડ પર ઝૂમી રહેલા ગોરીલા વાંદરાને જોયો. મણીકંઠે તો પ્રેમપૂર્વક ગોરીલા વાંદરાને આમ કહ્યું :

"ગોરીલાભાઈ, ગોરીલાભાઈ, શિયાળો આવવા લાગ્યો છે. ઠંડીથી બચવા માટે મારે એક ઘર તૈયાર કરવું છે. મને તું મદદ કરીશ તો હું તને ઘરમાં રહેવા માટે થોડી જગ્યા આપીશ."

"મને તારું ઘરબાર કાંઈ જ જોઈતું નથી. ઠંડીથી બચવા માટે મારી પાસે આ બરછટ વાળ છે. એ જ મારા માટે ઊનનું જાકીટ છે. તું તારા રસ્તે જા." દાંતિયા કાઢતો ગોરીલો ઝાડ પર ઝૂલવા લાગ્યો.



મણીકંઠ બળદ તોય નિરાશ ન થયો. બીજા મિત્રોની શોધમાં એ આગળ વધ્યો. થોડું આગળ વધ્યો ત્યાં એણે ચટાપટાવાળા ઝિબ્રાને લીલા લીલા પાંદડા ખાતો જોયો. મણીકંઠે તો પ્રેમપૂર્વક ઝિબ્રાને કહ્યું :

"ઝિબ્રાભાઈ, ઝિબ્રાભાઈ, શિયાળો આવવા લાગ્યો છે. કડકડતી ઠંડીથી બચવા માટે મારે એક ઘર તૈયાર કરવું છે. મને તું મદદ કરીશ તો તને હું નવા ઘરમાં રહેવા માટે થોડી જગ્યા આપીશ."

"મને તારું ઘરબાર કાંઈ જ જોઈતું નથી. ઠંડીથી બચવા માટે મારા શરીર પર જાડા કાળા ચટાપટા છે. એ જ મારું જાકીટ છે. તું તારા રસ્તે જા."

ઝિબ્રાએ તો ઝાડુ જેવી એની પૂંછડી પર પટાવીને પાંદડા ખાવાનું શરુ કરી દીધું.

બધાય આ રીતે એનો અનાદર કરતા હતા. એટલે એણે જાતે જ ઘર બાંધવાનું નક્કી કર્યું. એ પણ મમતે ચઢ્યો. ગમે તેટલી મુશ્કેલી વેઠવી પડે તોય જાતે જ ઘર બાંધવુ. એકલા હાથે જ.

જંગલમાંથી બાંબુ લાવીને તેના થાંભલા રોપ્યા. તાડના પાટિયાની દીવાલ ઊભી કરી. તાડના પાંદડાઓનું છાપરું બનાવ્યું. જંગલી ઘાસ તથા સુકા પાંદડાઓ પાથરીને ગાદલું તૈયાર કર્યું.

કામકાજ પૂરું થતાં જ એણે ચાર-પાંચ પાડોશીઓ તથા ગામના કેટલાક પ્રાણીઓને બોલાવીને મણીકંઠ બળદે તેમાં ગ્રહપ્રવેશની વિધિ કરી, થોડા દિવસ પછી શિયાળાનું આગમન થયું. જંગલનાં વૃક્ષોનાં પાંદડાં ખરવા લાગ્યાં. કડકડતી ઠંડી સહન ન થવાથી જીવજંતુઓ આમતેમ દોડવા લાગ્યાં. મણીકંઠ બળદ તો ઠંડીની કોઈ પણ જાતની અસર ન લાગે એ રીતે એના નવા ઘરમાં સુખેથી રહેવા લાગ્યો.

એક દિવસ સવારના બહાર કોઈના રડવાનો અવાજ સાંભળીને એણે બારણું ઉઘાડ્યું. જોયું તો જંગલી આખલો થરથર કાંપતો બહાર ઊભો ઊભો રડતો હતો. એણે રડતાં રડતાં જ મણીકંઠ બળદને કહ્યું :

"બળદભાઈ, બળદભાઈ, ઠંડીના કારણે મારા બધાય વાળ ખરી ગયા. આ ઠંડીમાં મારાથી જીવી નહિ શકાય. તારા ઘરમાં મને થોડી જગ્યા નહિ આપે તો હું વગર મોતે મરી જઈશ."

"જા મર. સારા વખતમાં કાંઈ મહેનત ન કરીએ તો આવું બધું થાય. તને જગ્યા આપવાની મારી મરજી નથી." મણીકંઠે આખલાને હાકી કાઢ્યો. પરંતુ એ તો બહાર જ ઊભો રહ્યો.

થોડીવાર પછી રામન ઘેટો ઠંડીથી કાંપતો ત્યાં આવ્યો. ઘેટાએ રડતાં રડતાં મણીકંઠ બળદને કહ્યું :

"બળદભાઈ, બળદભાઈ, મારું બધુંય ઊન કામળા બનાવનારો માત્તુમિસ્ત્રી કાઢી ગયો. ઠંડીના લીધે મારાથી જીવી નહિ શકાય. તારા ઘરમાં થોડી જગ્યા નહિ આપે તો હું વગર મોતે મરી જઈશ."

"જા મર. સારા વખતમાં મેં તને મદદ કરવાનું કહ્યું ત્યારે તે મને હડધૂત કર્યો હતો.

તને જગ્યા આપવાની મારી મરજી નથી." મણીકંઠ આખલાએ એને વળતો ફટકો માર્યો. પરંતુ ઘેટો તો બહાર જ ઊભો રહ્યો.

થોડીવાર પછી લડવૈયો હેમ મરઘો ઠંડીથી થરથર કાંપતો ત્યાં આવ્યો. એણે રડતાં રડતાં મણીકંઠને પોતાની કથની કહી સંભળાવી.

"બળદભાઈ, બળદભાઈ, હું જે પિંજરામાં રહેતો હતો તેને ગઈકાલે મરિયમભાભીએ તોડી નાખ્યું. ઠંડીથી મારાથી રહેવાતું નથી. ઘરમાં મને થોડી જગ્યા નહિ આપે તો હું વગર મોતે મરી જઈશ."

"જા મર. સારા વખતમાં તને મદદ કરવાનું કહ્યું ત્યારે તે મને હડધૂત કર્યો હતો. એ, અહીં તને જગ્યા આપવાની મારી મરજી નથી." મણીકંઠ બળદે ગુસ્સામાં શિંગડા હલાવ્યા. તોય હેમ મરઘો ત્યાં જ રડતો રડતો ઊભો રહ્યો.

થોડીવાર પછી કાળો ગોરીલો વાંદરો ઠંડીથી થરથર કાંપતો ત્યાં આવ્યો. ગોરીલાએ રડતાં રડતાં મણીકંઠ બળદને કહ્યું :

"બળદભાઈ, બળદભાઈ, મારા બધાય ઘાટા વાળ શંકુણણી વૈદ્યે ઊતારી લીધા. ઠંડીથી મારાથી રહેવાતું નથી. તારા ઘરમાં રહેવા માટે મને થોડી જગ્યા નહિ આપે તો હું વગર મોતે મરી જઈશ."

"જા મર, સારા વખતમાં મદદ કરવાં માટે મેં તને બોલાવ્યો ત્યારે તે મને હડધૂત કરીને કાઢી મૂક્યો હતોને. એ તને જગ્યા આપવાની મારી મરજી નથી." મણીકંઠ બળદ જોરથી ભાંભર્યો.

તોય ગોરીલો ક્યાંય ન ગયો. એ તો ત્યાં જ પૂછડી પટપટાવતો ઊભો રહ્યો.

થોડીવાર પછી કાળા ચટાપટાવાળો ઝિબ્રા પણ ટાઢથી થરથર કાંપતો ત્યાં આવી ચઢ્યો. એણે રડતાં રડતાં બળદભાઈને કહ્યું :

"બળદભાઈ, બળદભાઈ, ઠંડીને કારણે મારા ચટાપટા પાંખા થઈ ગયા. કપડાં બધા ફાટી ગયાં. ઠંડીથી મારાથી રહેવાનું નથી. તારા ઘરમાં રહેવા માટે મને થોડી જગ્યા નહિ મળેતો હું વગર મોતે મરી જઈશ."

"જા મર. સારા વખતમાં મેં તારા મદદ માગી તો તે મને હડધૂત કર્યો હતોને. હવે તને અહીં જગ્યા આપવાની મારી મરજી નથી." મણીંકઠ બળદ મોં ફેરવીને ઊભો રહ્યો.


તો ય ચટાપટાવાળો ઝિબ્રા બારણામાં જ ઊભો રહ્યો.

ઠંડીનું જોર વધ્યું. ઠંડી સહન ન થવાથી જંગલી આખલો, રામન ઘેટો, હેમ મરઘો, ગોરીલો વાંદરો, ચટાપટાવાળો ઝિબ્રા બધાયે મળીને મણીકંઠ બળદના ઘરના દરવાજા આગળ ભૂખ હડતાળ શરુ કરી.

ભૂખ અને ઠંડીથી આળસુ મિત્રો મરી જશે એવું લાગતાં જ મણીકંઠને દયા આવી. એક સાંજે એણે બધાયને બોલાવીને કહ્યું :

"શિયાળો જતાં જ આળસુ રહેવાને બદલે તમે તમારું પોતાનું ઘર બાંધવામાં લાગી જશો એવી મને ખાતરી આપતાં હો તો હું તમને અહીં રહેવા દઈશ. બોલો કબૂલ છે?"

"કબૂલ છે. હવે અમે આળસુ નહિ રહીએ; અમે પણ બળદભાઈ, તમારી જેમ મહેનત કરીને જીવશું." બધાય એકી અવાજે બોલી ઊઠ્યાં અને મણીકંઠ બળદભાઈને પગે પડ્યાં અને ખૂબ રડ્યાં.



મણીકંઠ બળદે જલદી પોતાના ઘરનું બારણું ખોલી નાખ્યું અને બધાયને ઘરમાં આવવા દીધા. શિયાળો ચાલુ રહ્યો ત્યાં સુધી બધાય એ ઘરમાં શાંતિથી રહ્યા.

❑

## 5.

# સરદારની પુત્રી અને રીંછ

એક જગ્યાએ ત્રણ રીંછ રહેતા હતા. બાપ, મા તથા નાનું બચ્ચુ. જંગલની વચ્ચો વચ્ચ આવેલા એક નાના ઘરમાં તેઓ રહેતા હતા.

બાપની ઊંચાઈ હાથી જેટલી હતી ત્યારે માની ઊંચાઈ આખલા જેટલી અને બચ્ચાની ઊંચાઈ બકરી જેટલી હતી.

એક દિવસ માએ દૂધપાક બનાવ્યો. એણે ત્રણ થાળીમાં દૂધપાક પીરસ્યો.

બાપા માટે મોટી થાળી, મા માટે એથી નાની થાળી તથા બચ્ચા માટે ટચૂકડી થાળી ભરીને દૂધપાક પીરસવામાં આવ્યો.



દૂધપાક બહુ જ ગરમ હતો. આથી આ ત્રણેય થાળીને એક મોટી પેટી પર ઠરવા માટે મૂકીને રીંછ પરિવાર મૂન્નારમાં ફરવા ગયું.

116942

આ સમયે જંગલના સરદારની નાની દીકરી સુંદરી રીંછના ઘરની પાસે જઈ ચઢી. એ તો એ બાજુ લાકડા વીણવા આવી હતી. રીંછના ઘરનું બારણું ઉઘાડું જોઈને એ જલ્દી અંદર ઘૂસી જઈ. એ ઘર રીંછનું હોવાની એને ખબર ન હોતી.

પેટી પર મૂકેલી દૂધપાકની થાળીઓ જોઈ સુંદરીના મોંમાં પાણી આવી ગયું. એણે ફટ કરતી મોટી થાળી ઉઠાવીને દૂધપાક પીવાનો પ્રયાસ કરી જોયો. દૂધપાક ગરમ હોવાથી એ પી શકી નહિ.

મોટી થાળી પાછી મૂકીને સુંદરીએ વચલી થાળીમાંથી દૂધપાક પીવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ પણ ગરમ હોવાથી એ પી શકી નહિ.

એને પણ નીચે મૂકીને સુંદરીએ ટચૂકડી થાળી ઉઠાવીને દૂધપાક પીવાનો પ્રયાસ કર્યો. દૂધપાક ઠરી ગયો હોવાથી એ એકીશ્વાસે બધો દૂધપાક પી ગઈ.

પેટ ભરાઈ ગયું એટલે સુંદરીને થોડીવાર બેસવાનું મન થયું. ત્યાં એણે ત્રણ ખુરશીઓ ગોઠવેલી જોઈ. એક સૌથી મોટી, પછી એનાથી નાની અને છેલ્લે ટચૂકડી ખુરશી.

સુંદરીએ કૂદકો મારીને મોટી ખુરશીમાં બેસવાની કોશિષ કરી. એની ઊંચાઈ બહુ જ હોવાથી એ તેમાં બેસી શકી નહિ.

પછી એણે વચલી ખુરશીમાં બેસવાનો પ્રયાસ કરી જોયો. પરંતુ એ ખુરશીના પાયા ઢીલા પડી ગયા હોઈ એ હાલતી હતી. તેથી તેમાં પણ એ બેસી શકી નહિ.

પછી તો સુંદરીએ ટચૂકડી ખુરશીમાં બેસવાનો પ્રયત્ન કરી જોયો. એ બરાબર એના માટે લાયક હતી. પરંતુ ટચૂકડી ખુરશીમાં બેઠી ત્યારે ખુરશી એનો ભાર સહન કરી શકી નહિ અને એ કડકડાટ અવાજ સાથે ભાંગી ગઈ. સુંદરી નીચે પડી ગઈ.

થોડીવાર પછી સુંદરીને ઊંઘવાનું મન થયું. એ તરત જ તેઓના શયનગૃહમાં પહોંચી ગઈ.

ત્યાં પણ ત્રણ પલંગો ગોઠવ્યા હતા. મોટો પલંગ, વચલો પલંગ તથા ટચૂકડો પલંગ!

સુંદરીએ મોટા પલંગ પર ચઢવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ ગંદો હતો. એથી એ એમાં સૂતી નહિ.

પછી એણે વચલા પલંગમાં સૂવાનો પ્રયાસ કરી જોયો. પરંતુ તેમાં ખરબચડા પાટિયા જડ્યા હતા. એથી એ એમાં સૂતી નહિ.

પછી એણે ટચૂકડા પલંગનો આસરો લીધો. વાહ, આ તો એને યોગ્ય હતો. રેશમી ગાદલું પાથર્યું હતું. એણે તો એમાં ઝંપલાવ્યું. થોડીવારમાં તો એ ઘસઘસાટ ઊંઘી ગઈ.

એવામાં તો મૂન્નાર ફરવા ગયેલાં ત્રણે ય રીંછ ઘેર પાછા આવ્યા.

પેટી પર રાખેલા મોટી થાળીમાં જોઈને બાપાએ મોટા સાદે સવાલ કર્યો, "આ

મારી મોટી થાળીમાં કોણે મોઢું નાખ્યું છે? ઉંદર, વાઘ કે છછૂંદરે!"

વચલી થાળીમાં જોઈને ભરાયેલા સાદે મા બોલી, "મારી આ નાની થાળી કોણે મોઢું નાખ્યું છે? માખી, બિલાડી કે બિલાડીના બચ્ચાએ?"

ટ્યૂકડી થાળીમાં જોઈને રીંછનું બચ્ચુ વહાલભર્યા અવાજે પૂછવા લાગ્યું : "મારી નાની થાળી કોણે ચાટી ચાટીને સાફ કરી નાખી છે? નાના છોકરાએ, કૂતરાએ કે પછી કોઈ પઠાણે?"

દુ:ખથી બચ્ચું ધીમે ધીમે રડવા લાગ્યું.

ત્યાં બાપાની નજર આડી અવળી પડેલી ખુરશીઓ પર પડી. એણે મોટી ખુરશી તરફ નજર કરીને ઊંચા સાદે પૂછ્યું :

"મારી આ મોટી ખુરશીમાં કોણ બેઠું હતું? ઘૂવડ, જનાવર કે પછી કોલોત્ત નાયર?"

વચલી ખુરશીમાં નજર કરીને માતાએ ભરાયેલા સ્વરે સવાલ કર્યો : "મારી આ ઢીલી ખુરશીમાં કોણ બેઠું હતું? કાગડો, કૂકડો કે યમરાજ?"

નાની ખુરશી જોઈ બચ્ચું લાડકા અવાજે બોલ્યું : "મારી ખુરશી તોડી ફોડીને કોણે નીચે નાખી દીધી? માત્તન, શયતાન કે કોત્તાઈ રામન?"

દુ:ખના લીધે બચ્ચું રડવા લાગ્યું.

થોડીવાર પછી મા-બાપ અને બચ્ચું શયનગૃહમાં ગયા.

પોતાના પલંગમાં નજર કરીને બાપાએ મોટા અવાજે પૂછ્યું : "મારી પથારીમાં



કોણ સૂતું હતું? જંગલી, મૂરખ કે પછી ધનવાન?"

વચ્ચેના પલંગમાં જોઈને રીંછ માતા રૂંધાયેલા સ્વરે પૂછવા લાગી :

"મારા પલંગમાં કોણ સૂતું હતું? હાથી, બિલાડી કે સૂરણ જેવા માથાવાળું કોઈ?"

નાના પલંગમાં નજર કરીને બચ્ચાએ લાડકા સ્વરમાં સવાલ કર્યો :

"મારા નાની થાળીમાંથી દૂધપાક સફાચટ કર્યો, ખુરશી તોડી નાખી અને હવે મારી પથારીમાં એક કાળી છોકરી નસ્કોરા બોલાવી રહી છે."

આ અવાજ સાંભળીને પથારીમાં ઊંઘી રહેલી સુંદરી અચાનક જાગી ગઈ.


એની સામે ત્રણ રીંછ આંખ ફાડી ફાડીને જોઈ રહ્યાં હતાં. એ તરત જ સફાળી બેઠી થઈ ગઈ અને બારીમાંથી બહાર કૂદીને દોડવા લાગી.

બાપ, મા તથા બચ્ચુ રીંછ બહાર નીકળ્યાં. ત્યાં તો સુંદરી પોતાનો જાન બચાવવા ક્યાંય દૂર પહોંચી ગઈ હતી.

ત્યાર પછી આ ત્રણમાંથી એકેય રીંછે ક્યારેય સુંદરીને જોઈ નહોતી.

❑

# 6.
# સરકસવાળો



અગાઉ એક સ્થળે બળદને રંગબેરંગી કપડાં પહેરાવી એની પાસે ખેલ કરાવીને પેટિયું રળી ખાતો બળદેવદાસ રહેતો હતો. બળદને અવનવા રંગીન કપડાં પહેરાવીને એ ઘેરઘેર જઈને તેની પાસે ખેલ કરાવતો હતો. આ એનું નિત્યનું કામ હતું. બળદેવદાસની પત્ની કાળીને ખાસ કાંઈ કામ નહોતું. બળદેવદાસ બળદને લઈને બહાર નીકળે અને એ પાછો આવે તેટલા સમયમાં તો કાળી બહાર ફરી આવીને બળદને ખાવા માટે ક્યાંકથી એક ભારી ઘાસ એકઠું કરી લાવતી હતી. બળદેવ તથા કાળીને છોકરાં છૈયાં નહોતાં. એક દિવસ કાળીએ બળદેવદાસને કહ્યું :

"દાસ, દાસ, તમારે તો રમવા કે રમાડવા માટે બળદ છે ને. પરંતુ મારી પાસે તો રમવા માટે રમકડાનો બળદ પણ નથી. તમારે મારા માટે ઘાસનો એક બળદ બનાવી આપવો પડશે."

"હાય, હાય ઘાસના બળદને લઈને તું બહાર નીકળીશ તો લોકો તારી મજાક ઉડાવશે." બળદેવદાસે એને વારવાની કોશિશ કરી.

પરંતુ કાળી તો માની જ નહિ. એની જિદ વધતાં જ એણે થોડું સુકું ઘાસ એકઠું કરીને એનો એક બળદ બનાવ્યો. આ બળદને સુંવાળો બનાવવા તથા કાળો બનાવવા બળદેવદાસે એના શરીર પર કાળો ચીકણો ડામર લગાવ્યો. આવા કાળા કાળા લીસા બળદને જોઈ કાળીની આંખ ઠરી. એને સંતોષ થયો. બીજા દિવસે એ જંગલમાં ગઈ ત્યારે ઘાસના બળદને એ સાથે લઈ ગઈ. એક ગાઢ જંગલની બાજુમાં ઘાસના બળદને ઊભો રાખીને એ બોલી :

"ઘાસિયા બળદ, તું અહીં જ ઊભો રહીને ઘાસ ખાયા કરજે. હું જઈને બળદેવદાસના બળદ માટે થોડું ઘાસ કાપીને હમણાં જ પાછી ફરીશ. કોઈ તને પજવવા આવે તો તું મોટેથી રડવા માંડજે."

કાળી તો ગઈ. ઘાસિયો બળદ ઘાસ ખાતો ખાતો ગભરાતો ગાઢ જંગલમાં છૂપાઈને ઊભો રહ્યો. આ સમયે ટપકાંવાળું ખમીશ પહેરીને એક વાઘમામો ત્યાં આવ્યો અને ઘાસિયા બળદને પૂછ્યું :

"કાળો ડામર લગાવી, કુમળું ઘાસ ખાતાં ખાતાં જંગલમાં છુપાઈને ઊભેલા અલ્યા તારું નામ શું છે?"

"હું છું ડામરલાલ બળદેવ બળદ."

"ડામરલાલ, ડામરલાલ મને શિકારી કૂતરાએ ચીરી નાખ્યો છે. મારી ચીરાઈ ગયેલી આમડીમાં લગાવવા માટે તારા શરીર પરથી થોડો ડામર મને આપશે કે?" વાઘમામાએ માગણી કરી.

"ના, ના. આ કાળો ડામર કાંઈ તને આપવા માટે નથી. આતો મારા વહાલા બાપુએ લગાડી આપ્યો છે." ઘાસિયા બળદે શિંગડાં હલાવીને ના પાડી.

આ સાંભળતા જ વાઘમામાને ગુસ્સો આવ્યો. એણે તો ઘાસિયા બળદની પીઠ પર બચકું ભર્યું. પરંતુ એની સાથે જ વાઘમામાનું મોં પીઠ પરના ડામર સાથે ચોંટી ગયું એ ન તો આમ હાલી શકે કે નતો તેમ હાલી શકે. ઘાસિયો બળદ મોટેથી રડવા લાગ્યો. એના રડવાનો અવાજ સાંભળીને કાળી હાથમાં ધારિયું લઈને ત્યાં દોડી આવી. એ તો વાઘમામાને પોતાના ઘરે લઈ ગઈ અને ત્યાં તેને સાંકળથી બાંધી દીધો. બળદેવદાસ બળદનો ખેલ પૂરો કરીને પાછો આવ્યો કે કાળી આનંદથી કહેવા લાગી :

"જોયું આ જોયું મારા બળદેવા
બળદનો ખેલ કરતા બળદેવા
આપણા વહાલા ઘાસિયા બળદે
ફસાવી દીધો મોટા વાઘમામાને"



"વાહ, તો મારો ઘાસિયો કાળિયો બળદ ભારે હોંશિયાર નીકળ્યો." બળદેવદાસ મોંમાં આંગળાં નાંખી ગયો.

બીજા દિવસે પણ કાળી ઘાસ કાપવા જંગલમાં ગઈ ત્યારે ઘાસિયા બળદને સાથે લઈ ગઈ. એને ગાઢ જંગલની બાજુમાં ઊભો રાખીને એ બોલી :

"ઘાસિયા બળદ, તું અહીં જ ઊભી રહીને ઘાસ ખાયા કરજે. હું બળદેવદાસના બળદ માટે થોડું ઘાસ કાપીને હમણાં જ પાછી ફરીશ. કોઈ તને પજવવા આવે તો તું મોટેથી રડવા માંડજે.

કાળી રવાના થઈ કે ઘાસિયો બળદ ગભરાતો ગભરાતો ઘાસ ખાતો ગાઢ જંગલમાં છુપાઈને ઊભો રહ્યો. એવામાં એક રીંછ આવ્યું અને ઘાસિયા બળદને પૂછ્યું :

"કાળો ડામર લગાવી, કુમળું ઘાસ ખાતાં ખાતાં જંગલમાં છુપાઈને ઊભેલા અલ્યા તારું નામ શું છે?"

"હું છું ડામરલાલ બળદેવ બળદ."

"ડામરલાલ, ડામરલાલ, શિકાર કુટ્ટને મારા પર ગોળી છોડી. પીઠ પરના તમામ વાળ જતા રહ્યા. એ વાળને ચોંટાડવા મારે તારી પીઠ પરથી થોડો ડામર આપીશ કે?" રીંછે માગણી રજૂ કરી.

"ના, ના. આ કાળો ડામર કાંઈ તને આપવા માટે નથી. આ તો મારા વહાલા બાપુએ લગાડી આપ્યો છે." ઘાસિયા બળદે શિંગડાં હલાવીને ના પાડી દીધી.

આ સાંભળીને રીંછને ગુસ્સો આવ્યો. ઘાસિયા બળદના માથા પર નજર કરીને તેણે એક બચકું ભર્યું. પરંતુ તેની સાથે જ રીંછનું મોં માથા પર લગાડેલા ડામરમાં ચોંટી

ગયું. રીંછ તો ન આમ કે ન તેમ હાલી શકતો હતો. ઘાસિયો બળદ મોટેથી રડવા લાગ્યો. રડવાના અવાજ સાંભળીને હાથમાં ધારિયું લઈને કાળી ત્યાં દોડી આવી. એણે તો જલ્દીથી એ રીંછને લઈ જઈને સાંકળથી બાંધી દીધો. બળદેવદાસ બળદનો ખેલ પૂરો કરીને ઘેર પાછો આવ્યો કે કાળી આનંદથી કહેવા લાગી :

"જોયું આ જોયું મારા બળદેવા
બળદનો ખેલ કરનારા બળદેવા
આપણા વહાલા ઘાસિયા બળદે
ફસાવી દીધો મોટા કાળા રીંછને"

"વાહ, તો મારો ઘાસિયો કાળિયો બળદ ભારે હોંશિયાર નીકળ્યો." બળદેવદાસ મોંમાં આંગળા નાંખી ગયો.

બીજા દિવસે પણ કાળી ઘાસ કાપવા જંગલમાં ગઈ ત્યારે ઘાસિયા બળદને સાથે લઈ ગઈ. એને ગાઢા જંગલની બાજુમાં ઊભો રાખીને એ બોલી :

"ઘાસિયા બળદ, તું અહીં જ ઊભો રહીને ઘાસ ખાયા કરજે. હું બળદેવદાસના બળદ માટે થોડું ઘાસ કાપીને હમણાં જ પાછી ફરીશ. કોઈ તને પજવવા આવે તો તું મોટેથી રડવા માંડજે."

કાળી રવાના થઈ કે ઘાસિયો બળદ ગભરાતો કાંપતો ઘાસ ખાતો ગાઢ જંગલમાં છુપાઈને ઊભો રહ્યો. બટકા કાનવાળું એક શિયાળ ત્યાં આવ્યું અને પૂછ્યું :

"કાળો ડામર લગાડી, કુમળું ઘાસ ખાતાં ખાતાં જંગલમાં છુપાઈને ઊભેલા અલ્યા તારું નામ શું છે?"

"હું છું ડામરલાલ બળદેવ બળદ."

"ડામરલાલ, ડામરલાલ, મારા પેટમાં એક જંગલી સુવ્વરે જોર થી માથું ભોંકી દીધું હતું. એના કારણે થોડી ચામડી ઊખડી ગઈ છે. ત્યાં લગાવવા માટે તારા શરીરપરથી થોડો ડામર આપીશ કે?" બટકા કાનવાળા શિયાળે માગણી કરી.

"ના, ના. આ કાળો ડામર કાંઈ તને આપવા માટે નથી. આ તો મારા વહાલા બાપુએ લગાવી આપ્યો છે." ઘાસિયા બળદે શિંગડાં હલાવીને ના પાડી દીધી.

આ સાંભળીને શિયાળને ગુસ્સો આવ્યો. શિયાળે તો ઘાસિયા બળદના પેટને લક્ષ્ય બનાવી એક બચકું ભર્યું. પરંતુ તેની સાથે જ શિયાળનું મોં પેટમાં લગાડેલા ડામરમાં ચોંટી ગયું. એ તો ન આમ કે ન તો તેમ હાલી શકતો હતો. ઘાસિયો બળદ તો મોટેથી રડવા લાગ્યો. રડવાનો અવાજ સાંભળીને હાથમાં ધારિયું લઈને કાળી ત્યાં દોડી આવી. એણે તો ઝડપથી શિયાળને ઘેર લઈ જઈને સાંકળથી બાંધી દીધો. બળદેવદાસ એનો ખેલ પૂરો કરીને ઘેર આવ્યો કે કાળી આનંદથી બોલી :

"જોયું આ જોયું મારા બળદેવા

બળદનો ખેલ કરનારા બળદેવા
આપણા વહાલા ઘાસિયા બળદે
ફસાવી દીધો બટકા કાનવાળા શિયાળને"

"વાહ, તો મારો ઘાસિયો કાળિયો બળદ ભારે હોંશિયાર નીકળ્યો." બળદેવદાસ મોંમા આંગળાં નાંખી ગયો.

બીજા દિવસે પણ કાળી ઘાસ કાપવા જંગલમાં ગઈ ત્યારે ઘાસિયા બળદને સાથે લઈ ગઈ. એને ગાઢા જંગલની બાજુમાં ઊભો રાખીને એ બોલી :

"ઘાસિયા બળદ, તું અહીં જ ઊભો રહીને ઘાસ ખાયા કરજે. હું બળદેવદાસના બળદ માટે થોડું ઘાસ કાપીને હમણાં જ પાછી ફરીશ. કોઈ તને પજવવા આવે તો તું મોટેથી રડવા માંડજે."

કાળી રવાના થઈ કે ઘાસિયો બળદ ગભરાતો કાંપતો ઘાસ ખાતો ખાતો બાજુના જંગલમાં છુપાઈને ઊભો રહ્યો. એવામાં ત્યાં લાલઝાળ આંખવાળું એક વરુ આવ્યું. વરુએ ઘાસિયા બળદને પૂછ્યું :

"કાળો ડામર લગાડી, કુમળું ઘાસ ખાતાં ખાતાં જંગલમાં છુપાઈને ઊભેલા અલ્યા તારું નામ શું છે?"

"હું છું ડામરલાલ બળદેવ બળદ."

"ડામરલાલ, ડામરલાલ, પેલા મોટા જંગલના વનુ વાંદરાએ મારા શરીરે નહોર ભરાવ્યા છે. મારી ફાટી ગયેલી ચામડી જોડવા માટે મને થોડો ડામર આપીશ કે?" વરુએ માગણી કરી.

"ના, ના. આ કાળો ડામર કાંઈ તને આપવા માટે નથી. આ તો મારા વહાલા બાપુએ લગાવી આપ્યો છે." ઘાસિયા બળદે શિંગડાં હલાવીને ના પાડી દીધી.

આ સાંભળીને વરુને ગુસ્સો આવ્યો. એણે તો ઘાસિયા બળદના ગળા પર એક બચકું ભર્યું. પરંતુ તેની સાથે જ વરુનું મોં ગળા પર લગાડેલા ડામરમાં ચોંટી ગયું. એ તો ન આમ કે ન તો તેમ હાલી શકે તેમ હતો. ઘાસિયો બળદ તો મોટેથી રડવા લાગ્યો. રડવાનો અવાજ સાંભળી હાથમાં ધારિયું લઈને કાળી ત્યાં દોડી આવી. એણે ઝડપથી વરુને ઘેર લઈ જઈને સાંકળથી બાંધી દીધું. બળદેવદાસ બળદનો ખેલ પૂરો કરીને ઘેર આવ્યો કે કાળી આનંદથી બોલવા લાગી :

"જોયું આ જોયું મારા બળદેવા
બળદનો ખેલ કરનારા બળદેવા
આપણા વહાલા ઘાસિયા બળદે
ફસાવી દીધો મોટા મોટા વરુને"

"વાહ, તો મારો ઘાસિયો કાળિયો બળદ ભારે હોંશિયાર નીકળ્યો." બળદેવદાસ

મોંમાં આંગળાં નાંખી ગયો.

આમ વાઘ, રીંછ, શિયાળ તથા વરુ ભેગાં થયાં એટલે બળદેવદાસે કાળીને કહ્યું :

"કાળી, આપણે આ જનાવરોને અકેક ખેલ શિખવીએ. પછી આપણે એક નાની સરકસ કંપની શરુ કરશું."

કાળીએ એમાં સંમતિ દર્શાવી. બળદેવદાસે વાઘમામાને જલતા વર્તુળમાંથી કૂદવાનું શીખવ્યું. રીંછને સાઈકલ ચલાવવાનું શીખવ્યું. શિયાળને સીડી પર ચઢવાની તાલીમ આપી. વરુને દડાથી રમતું બનાવ્યું.

એક દિવસ બળદેવદાસ તથા કાળી જનાવરોને લઈ બાજુના કાળીકુળંગરા ગામના ચોકમાં ગયા. બળદેવદાસે ઢોલ પીટવા માંડ્યો. ઢોલનો અવાજ સાંભળીને લોકો ચોકમાં એકઠા થયા. બળદેવદાસ તથા કાળીએ વાઘમામાને કહ્યું :

"વાઘમામા, જલતા વર્તુળમાંથી
કૂદો મારા વહાલા વાઘમામા!"

તરત જ વાઘ જલતા વર્તુળમાંથી કૂદ્યો.

પછી તેઓએ રીંછને કહ્યું : "ચલાવ સાઈકલ, રીંછભાઈ." રીંછ તરત જ કૂદીને સાઈકલ પર ચઢી ગયો અને સાઈકલ ચલાવવા લાગ્યો.

પછી તેઓએ શિયાળ તરફ ફરીને કહ્યું :

"ચઢો જલ્દી સીડીના પગથિયા
ઓહ અમારા પ્રિય શિયાળ ભૈયા"

આ સાંભળીને શિયાળ તો સડસડાટ એક પછી એક સીડીના પગથિયા ચઢી ગયું.

પછી આવ્યો વરુનો વારો. તેઓએ વરુને આમ કહ્યું :

" ઓહ મારા વીરા વરુભાઈ
રમો ખૂબ રમો આ દડાથી"


આ સાંભળીને વરુ તો આમ તેમ દડાથી રમવા લાગ્યું. બળદેવદાસ તથા કાળીએ આ જનાવરોને આપેલી તાલીમ લેખે લાગી. જનાવરોનો આ ખેલ કોઈ એકઠા થયેલા લોકોએ ખુશ થઈને ખૂબ પૈસા ફેંક્યા.

ત્યાર પછી બળદનો ખેલ કરવાવાળો બળદેવદાસ સરકસવાળો બળદેવદાસ બની ગયો. લોકો એને સરકસવાળા કહીને બોલાવવા લાગ્યા. ઘાસના બનાવેલા બળદે બળદેવદાસના નશીબમાં આ પલટો આણ્યો હતો.

❑

# 7.
# વગર વિચાર્યે ...

ચક્રમ ચકલી તથા મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં કાપણી માટે ગયાં.



કાપણીનું કામ ચાલુ હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરમાં પડી ગઈ. ખેતરના કાદવમાં ફસાઈ ગયેલી ચકલીને જોઈ મૂરખ મચ્છર રડવા લાગ્યો.

ત્યાં તો કોટ્ટકલ બજારની પારુમામી એ રસ્તે આવી પહોંચી. પારુમામીએ મૂરખ મચ્છરને પૂછ્યું :

"મચ્છર, મચ્છર ભાઈ તું શા માટે રડે છે?"

મચ્છરે જવાબ આપ્યો : "હું તથા ચક્રમ ચકલી મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં કાપણી માટે ગયાં હતાં. કાપણી ચાલતી હતી ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. હું એટલે રડી રહ્યો છું."

આ સાંભળીને પારુમામીને ભારે દુ:ખ થયું. એણે તો તરત જ એના માથાના વાળ ઊતરાવી નાખ્યા. મામી મૂંડી થઈ ગઈ.

ત્યાં તો એ રસ્તે સક્કરપારા વેચતો અય્યપ્પન કુટ્ટી આવ્યો. અય્યપ્પન કુટ્ટીએ મામીને પૂછ્યું :

"પારુમામી! પારુમામી! તમે કેમ માથું બોડાવી નાખ્યું?"

પારુમામીએ જવાબ આપ્યો : "ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવા ગયાં. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી હું મૂંડી થઈ ગઈ."

આ સાંભળીને અય્યપ્પન કુટ્ટીને રડવું આવ્યું. એણે રસ્તામાં જ એક ખાડો ખોદીને તમામ સક્કરપારા તેમાં દાટી દીધા.

એવામાં દૂધવાળો દામુ દૂધના બોઘરણા સાથે આવી પહોંચ્યો. દૂધવાળા દામુએ અય્યપ્પન કુટ્ટીને પૂછ્યું :

"અય્યપ્પન કુટ્ટી તે શામાંટે બધાય સક્કરપારા રસ્તામાં હાટી દીધા?"

અય્યપ્પન કુટ્ટીએ જવાબ આપ્યો : "ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવા ગયાં. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી પારુમામીએ માથે મૂંડો કરાવી નાખ્યો. આ જોઈને મેં મારા બધાય સક્કરપારાને રસ્તામાં ખાડો ખોદીને દાટી દીધા."

આ સાંભળીને દૂધવાળા દામુને ભારે દુ:ખ થયું. એણે દૂધનું બોઘરણું ફોડી નાખ્યું.

ત્યાં તો ગારુડી પાંડીદેવન ટોપલામાં સાપ લઈને આવ્યો. એણે દૂધવાળા દામુને પૂછ્યું : "એલા દૂધવાળા દામુ તે શા માટે બોઘરણું ફોડી નાખ્યું?"

દૂધવાળા દામુએ ખુલાસો કર્યો : "ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવા ગયાં. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી પારુમામીએ માથે મૂંડો કરાવી નાખ્યો. આ જોઈને અય્યપ્પન કુટ્ટીએ રસ્તામાં ખાડો ખોદીને બધાય સક્કરપારા દાટી દીધા. આ જોઈને મેં દૂધનું બોઘરણું ફ઼ોડી નાખ્યું."

આ સાંભળીને ગારુડી પાંડીદેવનને ટોપલો ખોલીને બધાય નાગને મારી નાખ્યા.

એવામાં આછી દાઢીવાળો કેશવકાકો લાકડીના ટેકે ત્યાં આવી ચઢ્યો. એણે પાંડીદેવને પૂછ્યું :

"પાંડીદેવા ગારુડી! તે શા માટે આ બધા નાગને મારી નાખ્યા?"

પાંડીદેવને જવાબ આપ્યો : "ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને

મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવાં ગયા. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી પારુમામીએ માથે મૂંડો કરાવી નાખ્યો. એ જોઈને અય્યપ્પન કુટ્ટીએ રસ્તામાં ખાડો ખોદીને બધાય સક્કરપારા દાટી દીધા. એ જોઈને દૂધવાળા દામુએ દૂધનું બોઘરણું ફોડી નાખ્યું. એ જોઈને મેં મારા ટોપલાને ખોલીને તમામ નાગને મારી નાખ્યા."

આ સાંભળીને આછી દાઢીવાળા કેશવકાકાએ પોતાના સફેદ દાઢી મૂછ કાપી નાખીને તેના વાળ હવામાં ઊડાડી મૂક્યા.

ત્યાં તો શાસનકર્તા રાજાનો કુંવર મૂર્ખાનંદ આવી ચઢ્યો. એણે વ્યથિત અવાજે કેશવકાકાને પૂછ્યું : "કેશવકાકા, મૂછવાળા કાકા! તમે શા માટે દાઢીમૂછ કાઢી નાંખ્યાં?"

કેશવકાકાએ આંખો લૂછીને જવાબ આપ્યો :

"ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવા ગયાં. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી પારુમામીએ માથે મૂંડો કરાવી નાખ્યો. એ જોઈને અય્યપ્પન કુટ્ટીએ રસ્તામાં ખાડો ખોદીને બધાય સક્કરપારા તેમાં દાટી દીધા. એ જોઈને દૂધવાળા દામુએ દૂધનું બોઘરણું ફોડી નાખ્યું. એ જોઈને ગારુડી પાંડીદેવને ટોપલો ખોલીને તમામ નાગને મારી નાખ્યાં. એ જોઈને મેં મારા દાઢીમૂંછ કાપીને તેના વાળ હવામાં ઊડાડી મૂક્યા."

આ સાંભળીને ભારે દૂ:ખી થયેલા રાજકુંવર મૂર્ખાનંદે મ્યાનમાંથી તલવાર કાઢીને પોતાનું નાક કાપીને ઝાડની ડાળીમાં ચોંટાડી દીધું અને પછી રાજમહેલ ભણી રવાના થયો.

નાક વિનાના પુત્રને આવતો જોઈ શાસનકર્તા રાજા ભડકી ગયો. રાજમહેલના ઝરૂખામાંથી જ રાજાએ સવાલ કર્યો : "મારા દીકરા, મૂર્ખાનંદ! તારું નાક ક્યાં ગયું, બેટા?"

રાજકુંવર મૂર્ખાનંદ મોટેથી રડી પડયો અને બોલ્યો :

"ચક્રમ ચકલી અને મૂરખ મચ્છર સાથે મળીને મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં લણણી કરવા ગયાં. કાપણીનું કામ ચાલતું હતું ત્યાં ચક્રમ ચકલી ગબડીને ખેતરના કાદવમાં પડી ગઈ. એનું દુ:ખ સહન ન થવાથી પારુમામીએ માથે મૂંડો કરાવી નાખ્યો. એ જોઈને અય્યપ્પન કુટ્ટીએ રસ્તામાં ખાડો ખોદીને બધાય સક્કરપારા તેમાં દાટી દીધા. એ જોઈને દૂધવાળા દામુએ દૂધનું બોઘરણું ફોડી નાખ્યું. એ જોઈને ગારુડી પાંડીદેવને ટોપલો ખોલીને તમામ નાગને મારી નાખ્યા. એ જોઈને કેશવકાકાએ દાઢી મૂછ કાપીને તેના વાળ હવામાં ઊડાડી મૂક્યા. આ જોઈને મને પણ પારાવર દુ:ખ થયું અને મારા નાકને કાપીને ઝાડની ડાળીમાં ચોંટાડી દીધું."

આ સાંભળીને રાજા છાતી કૂટીને રડવા લાગ્યો. એણે પોતાના મસ્તક પરના રાજમુગટ ઊતારીને બહાર, દૂર ઘા કર્યો. રાજમુગટ મંદિરની બાજુમાં આવેલા ખેતરમાં જઈને પડ્યો.

એ દરમિયાન ચક્રમ ચકલી જેમ તેમ કરીને કાદવમાંથી બહાર નીકળીને ખેતરમાં બેઠી હતી. એની બાજુમાં જ રાજમુગટ આવીને પડતાં જ એણે તે ઉઠાવી લઈને પહેરી લીધો. પછી તો ચક્રમ ચકલી એના મિત્ર મૂરખ મચ્છરને સાથે લઈને રાજમહેલ ભણી ઊડી ગઈ.

ત્યાં પહોંચતા જ એણે ખાલી પડેલા રાજ સિંહાસન પર સ્થાન જમાવી દીધું. એ રાણી બની ગઈ. મૂરખ મચ્છર મહેલની ચોકી કરવા લાગ્યો.


પરવાનગી વિના મહેલમાં પ્રવેશનારાઓને મચ્છર કરડતો અને કાઢી મૂકતો હતો. આ રીતે રાજ્યનો સંપૂર્ણ વહીવટ ચક્રમ ચકલી તથા મૂરખ મચ્છરના હાથમાં આવી ગયો.

કોઈ કહે કે બળદ વિયાયો છે અને એ સાંભળીને રસી લેવા દોડનારાઓ જેવા વગર વિચાર્યે દોડી જનારાઓ માટે આ એક બોધપાઠ છે.

❑

# 8.
# દેડકી અને કઠિયારો

મેના તથા કાજળી દેડકીની વચ્ચે ભારે મૈત્રી. મેના ફણસના ઝાડની બખોલમાં રહેતી હતી. કાજળી દેડકી મંદિરની નજીક આવેલા તળાવમાં રહેતી હતી.



ફણસના ઝાડમાં ફણસ ઊગ્યા અને મેનાએ ઝાડની બખોલમાં રૂપાળાં મજાનાં પાંચ છ ઈંડાં મૂક્યાં.

એ સમયે બાજુના ગામનો પાચન કઠિયારો હાથમાં કુહાડી લઈને ત્યાં આવ્યો. એ ઝાડ કાપવા આવ્યો હતો. ઝાડ કાપતો જોઈ મેના ભારે દુ:ખી થઈ. તેણે પાચનને વિનંતિ કરી :

"ઝાડ ન કાપતા, પાચન
મહેરબાની કર મારા પાચન

ઝાડની બખોલમાં છે ઈંડાં
ઈંડાં માંહે મારાં નાનાં બચ્ચાં
આવજે તું ઈંડાં ફૂટ્યા પછી
કાપી નાખજે આખુંય ઝાડ"

કઠિયારાએ મેનાની વિનંતિ ન સાંભળી. એ તો ગુસ્સામાં બોલવા લાગ્યો :

"ચાહે કોઈ પણ રોકે તોય
કાપીશ હું આ ઝાડ ફણસનું
ઈંડાં લઈ જઈને તળી નાખીશ
રાતે જમવામાં કાંઈ મજા પડશે"

કઠિયારો તો કોઈની ય પરવા કર્યા વિના ફણસના ઝાડના થડ પર જોરશોરથી કુહાડીના ઘા કરવા લાગ્યો.

આ જોઈને મેના બિચારી મોટેથી રડી પડી. પછી એને બેનપણી કાજળી દેડકી યાદ આવી. એ એની પાસે ગઈ. એણે કાજળી દેડકીને રડતાં રડતાં કહ્યું :

"કાજળી બેન! દેડકી બેન!
ઝાડ કાપે છે ક્રૂર પાચન
રડી, કરગરી તોય નથી માનતો
ઝાડ કાપે છે ક્રૂર પાચન
મારાં મજાનાં ઈંડાં ફૂટી જશે
કુટુંબ, માળો બધુંય લૂંટાઈ જશે
બોલ તું, શું કરું હું હવે
તું જ બતાવ આનો કોઈ ઉપાય?"

આ સાંભળીને દયાળુ કાજળી દેડકી કિનારા પર આવીને મેનાને આશ્વાસન આપવા લાગી. કાજળી દેડકી બોલી :

"રડીશ નહિ, રડીશ નહિ, મેના
પાચનને સીધો કરવા ઉપાય ઘણા
ભરી લાવ ચાંચમાં થોડી ધૂળ
નાખ એની આંખમાં તમામ ધૂળ
પછી ઝટપટ ઊડી જજે ત્યાંથી
જોયા કરજે મજેથી મારી હિકમત."

કાજળી દેડકીના કહેવા મુજબ જોતા ચાંચમા ધૂળ ભરીને આવી અને કઠિયારા પાચનની આંખમાં ભભરાવી.

અચાનક આંખમાં ધૂળ પડવાથી પાચન તો જાણે આંધળો બની ગયો. એને કાંઈ

જ દેખાતું નહોતું.

આંખો ધોવા માટે એ પાણીની શોધમાં અથડાતો કૂટાતો જંગલમાં આગળ વધવા લાગ્યો.

બાજુમાં જ એક ભાંગ્યો તૂટ્યો કૂવો હતો. તેમાં એક મગરમચ્છ રહેતો હતો. કાજળી દેડકીએ એની ચોમેર કેળાની સડેલી છાલ બિછાવી દીધી. પછી કૂવાના કાંઠે બેસીને ગાવા લાગી :

"આમ આવો મારા ભાઈ ઓ
અહીં સુંદર એક મેડકી તળાવ
પાણી જોઈતું હોય તો આવો અહીં
આ તો સુંદર મજાનું નવું તળાવ"

કાજળી દેડકીનું ગીત સાંભળીને પાચન રાજીરાજી થઈ ગયો અને એતો કૂવા ભણી ચાલવા લાગ્યો. સડેલી છાલ પર પગ મૂકતાં જ એ લપસ્યો અને સીધો ભાંગેલા કૂવામાં જઈ પડ્યો.



કેટલાય દિવસથી કોઈ શિકાર ન મળવાથી ભૂખ્યા થયેલા મગરમચ્છે પાચનને ઝડપી લીધો. આ જોઈ કાજળી દેડકી મોટેથી ગાવા લાગી :

"બડાઈ મારતો આ જાડિયો
કેવો એ અહીં પડી ગયો

નાના માણસોને સતાવનાર ની
થાય છે અંતે આવી દુર્દશા"

મેના તો રાજી થઈને ફણસના ઝાડની બખોલમાં પાછી ફરી. આઠમાં દિવસે તમામ ઈંડાં ફૂટ્યાં અને એમાંથી નાનાં મજાનાં બચ્ચાં નીકળ્યાં. મેનાએ તો બધાયની સાર સંભાળ લઈને પ્રેમપૂર્વક ઉછેર્યા. બચ્ચાં ઊડવાને લાયક બન્યાં પછી મા તથા દીકરાઓએ કાજળી દેડકીને ઘેર જઈ આભાર માન્યો.


કાજળી દેડકીએ તેઓને દૂધપાક ખવડાવ્યો. આ જોઈ મેના કહેવા લાગી :

"દીકરાઓ, જીવજંતુઓએ આ રીતે એક બીજા પ્રત્યે લાગણી પ્રેમ રાખવાં જોઈએ. આવો પ્રેમભાવ તો માણસોમાંય જોવા નથી મળતો."

❑

# 9.
# એકતા

પૂર્વી મઠની ખુશાલ ખિસકોલી, પશ્ચિમ વનનો દૂધીદાંત હાથી, દક્ષિણચોકનું મખમલી સસલું તથા ઉત્તર વિસ્તારનો પાતળિયો વાંદરો પાકા ભાઈબંધો હતા.



આ ચારેય મિત્રો સારસી નદીના કાંઠામાં રહેતા હતા. ચોમાસું શરુ થતાં પહેલાં કેરી, નાળિયેર, ફળ, કંદ વગેરેનો સંગ્રહ કરી રાખવાનો તેઓનો નિયમ હતો.

સારસી નદીની પેલી મેર આવેલા બગીચા તથા ખેતરોમાંથી તેઓ આ કેરી, નાળિયેર, ફળ, કંદ વગેરે લાવતાં હતાં. સારસી નદીપર બાંધવામાં આવેલા પુલને વટાવીને જ ખેતર - બગીચામાં જઈ શકાતું હતું.

એક દિવસ ખુશાલ ખિસકોલી સારસી નદીના કાંઠામાં ઊગી નીકળેલા એક ઝાડની ડાળી પર બેસીને ગીત ગાતી ગાતી રમતી હતી. એ સમયે સારસી નદીપરનો લાકડાનો પુલ તૂટી પડચો. લાકડાના ટૂકડાઓ પાણીમાં વહેવા લાગ્યા. આ જોઈ ખુશાલ ખિસકોલી મોટેથી રડીને બોલવા લાગી :

"હાય હાય! મિત્રો આવો અહીં
જલ્દી જલ્દી દોડી આવો અહીં
તૂટી પડ્યો આપણો આ પુલ
ભાંગીને પડ્યો પાણીમાં આ પુલ"

આ સાંભળીને દૂધીદાંત હાથી, મખમલી સસલું તથા પાતળિયો વાંદરો ત્યાં દોડી આવ્યા.

"ઓ મારા ભગવાન! હવે આપણે સામા કિનારે કેવી રીતે જઈશું?" મખમલી સસલાએ દુઃખ વ્યક્ત કર્યું.

"હવે આપણે કેરી, નાળિયેર વગેરે કેવી રીતે લાવશું?" પાતળિયો વાંદરો તો રડવા લાગ્યો.

આ લોકોનું દુઃખ જોઈને દૂધીદાંત હાથી બોલી ઊઠ્યો :

"સંપ હશે તો ડુંગર પણ આવશે
મિત્રો મારા ડરશો કે રડશો નહિ
આપણે જો એક થઈશું તો હજુ
પણ જલ્દી જલ્દી બાંધી શકશું પુલ"

"વારુ, અમે સૌ તૈયાર છીએ." ખુશાલ ખિસકોલી, મખમલી સસલું તથા પાતળિયો વાંદરો એકી સાથે બોલી ઊઠ્યા.

મખમલી સસલાંએ નેતર કાપીને તેનો ટોપલો બનાવવા માંડ્યો. પાતળિયા વાંદરાએ ઝાડ કાપવા માટે કુહાડીની ધાર કાઢવા માંડી. આ દરમિયાન હાથી એક મોટો થાંભલો લઈ આવ્યો.

ચારેય મિત્રો સાથે મળીને ભાંગેલો પુલ ઊભો કરવાનો પ્રયાસ કરતા હતા તે ઝાડીમાં છૂપાઈ રહેલું અદેખું શિયાળ જોઈ ગયું. તેઓના પુલ બાંધવાના પ્રયાસને નિષ્ફળ બનાવવાનો અદેખા શિયાળે નિર્ણય કર્યો.

લપાઈ છૂપાઈને અદેખું શિયાળ પાતળિયા વાંદરાના ઘરે જઈ ચઢ્યું. એણે યુક્તિપૂર્વક કહ્યું : "એલા પાતળિયા વાંદરા, તું આ રીતે પુલ બાંધવા જઈશ તો તારી કરોડ રજ્જુ ભાંગી જશે. ખુશાલ ખિસકોલી તથા મખમલી સસલું વગેરે આમાં કાંઈ કરી શકે તેમ નથી. એ લોકો તારી પાસેથી આ રીતે કામ કઢાવીને પુલ બંધાવી લેશે."

આ સાંભળીને પાતળિયો વાંદરો પળભર તો વિચારમાં પડી ગયો. શિયાળની વાત ખરી હોય તેવું તેને લાગ્યું. એણે તો કુહાડી ફગાવી દીધી અને પલંગમાં પડતું મૂકીને ઊંઘવા લાગ્યું.

પાતળિયો વાંદરો પોતાની જાળમાં ફસાઈ ગયો એ જોઈને અદેખું શિયાળ લપાઈ છૂપાઈને મખમલી સસલાના ઘરે પહોંચી ગયું. એણે ગુસ્સામાં સસલાને કહ્યું :

"એલા મખમલી સસલાં, તું શા માટે આ મહેનત-મજૂરી કરીને ટોપલા ગૂંથે છે? આ પુલ બંધાવાનો નથી. તું અહીંથી બહાર નીકળીશ તો હું તને મારી નાખીશ."

આ સાંભળીને સસલું તો ગભરાઈ ગયું. એ તો કાંપતાં કાંપતા શાકભાજીના ટોપલામાં છૂપાઈ ગયું. અદેખું શિયાળ વિજયી ભાવ સાથે આગળ વધવા લાગ્યું. આ કશાયની જાણ વિના જ ખુશાલ ખિસકોલી કેટલીક જંગલી વેલ લઈને સારસી નદીના કિનારે પહોંચી. એ સમયે દૂધીદાંત હાથી મોટો એક થાંભલો લઈને ત્યાં ઊભો ઊભો રાહ જોઈ રહ્યો હતો. પરંતુ તેઓના મિત્રો મખમલી સસલું તથા પાતળિયો વાંદરો ત્યાં આવ્યા જ નહોતા. એ બંને આવી જાય પછી જ પુલનું કામ શરુ કરી શકાય.

બંનેને ન જોતાં ખુશાલ ખિસકોલી તેઓની મિત્રો મખમલી સસલું તથા પાતળિયો વાંદરો ત્યાં આવ્યો જ નહોતા, એ બંને આવી જાય પછી જ પુલનું કામ કરી શકાય.

બંનેને ન જોતાં ખુશાલ ખિસકોલી તેઓના તપાસમાં નીકળી પડી. પરંતુ થોડીવારમાં જ એ નિરાશ થઈને પાછી ફરીને કહેવા લાગી :

"દૂધીદાંત હાથીભાઈ, વહાલા
તેઓની જોઈશ નહિ રાહ
પુલ બાંધવા તેઓ આવશે
એવી આશા હવે ન રાખીશ"

"તો પછી આપણે બંને મળીને પુલ બાંધવા માંડીએ. તું જલ્દી ઝાડ પર ચઢીને બેત્રણ મજબૂત ડાળીઓ તોડીને લઈ આવ." હાથીએ ખુશાલ ખિસકોલીને કહ્યું.

ખુશાલ ખિસકોલી તો કૂદકો મારીને ઝાડ પર ચઢી ગઈ. એક નાની કુમળી ડાળી એણે તોડી પણ ખરી. પરંતુ આ જોઈને દૂધીદાંતને હસવું આવ્યું. એ બોલ્યો :

"આવી નાની કુમળી ડાળી વડે પુલ શી રીતે બાંધી શકાય? એના માટે તો જાડી મોટી મજબૂત ડાળીઓ જોઈએ."

એ પછી પણ ખુશાલ ખિસકોલીએ બીજી નાની કુમળી ડાળીઓ નીચે ફેંકી. પરંતુ એ બધાય નકામી હતી. આ જોઈ દૂધીદાંત હાથી ભારે નિરાશ થઈ ગયો.

"ખુશાલ ખિસકોલી, આપણે બંને એકલાં મળીને મહેનત કરીએ તોય આ પુલ બંધાવાનો નથી. આવી આપણે જઈને મખમલી સસલાં તથા પાતળિયા વાંદરાને બોલાવી લાવીએ.

દૂધીદાંત હાથી તથા ખુશાલ ખિસકોલી તરત જ મખમલી સસલાને ઘેર ગયા, ત્યાં જઈને તેઓએ કહ્યું :

"એલા મખમલી સસલા! તું આ રીતે ગભરાતો કાંપતો ઘરમાં ભરાઈને બેસે એ કેમ ચાલે? એ અદેખું શિયાળ તને કાંઈ જ કરી શકશે નહિ. આપણે બધાયને એકી સાથે જોતાં વેંત એ ભાગી જશે."

"એ વાત ખરી છે. આપણે એક બનીને રહેશું તો કોઈ આપણને હરાવી નહિ શકે. હું પણ તમારી સાથે આવું છું. આપણે શિયાળને હરાવીને જલ્દી પુલનું કામ શરુ કરી દઈએ." મખમલી સસલામાં હિંમત આવી.

ત્રણેય મિત્રો પાતળિયા વાંદરાને ઘેર જઈ પહોંચ્યા. દૂધીદાંત હાથીએ એક જંગલી વેલ પાતળિયા વાંદરાના હાથમાં મૂકીને પૂછ્યું :

"વાંદરાભાઈ, વાંદરાભાઈ! તું આ તોડી શકીશ કે?" વાંદરાએ તો એને ખેંચીને બે ટૂકડા કરી નાખ્યા. પછી હાથીએ ચાર વેલોને સાથે વળીને એક બનાવીને વાંદરાના હાથમાં આપી :

"હવે આ તોડી આપીશ કે?" પાતળિયા વાંદરાએ એને ખેંચી જોઈ. ખૂબ જોર અજમાવ્યું. પરંતુ એ તૂટી નહિ ત્યારે એ બોલ્યો :

"આ રીતે આપણે સાથે રહીશું તો કોઈ આપણા ને હરાવી નહિ શકે. પરંતુ આપણે એકલા હોઈશું તો આપણા રામ રમી ગયા જ સમજો."

"હાથીભાઈની વાત તો સાચી છે. મને પેલા અદેખાં શિયાળે ભડકાવ્યો હતો અને ગેરસમજ ઊભી કરી હતી. હું એટલા માટે તમારી સાથે આવતો નહોતો." પાતળિયા વાંદરાએ શરુઆત કરી.

એ રીતે તેઓ ચારેય સારસી નદીના કિનારે જઈ પહોંચ્યા. પાતળિયા વાંદરાએ કુહાડી વડે મોટાં મોટાં ઝાડ મળ્યાં. દૂધીદાંત હાથીએ એની સૂંઢ વડે તેને ઊંચકીને નદીના કિનારે પહોંચાડ્યા.

નદીકાંઠે એક મોટો ખાડો ખોદીને ત્યાં એક મોટો ખૂંટો ખોડ્યો. ખુશાલ ખિસકોલી એકલાંબી વેલ લઈ આવી અને તેના એક છેડાને ખૂંટામાં બાંધી દીધો. એના બીજા છેડાને લઈને વાંદરો નદીના સામા કિનારે કૂદીને પહોંચી ગયો. વેલના છેડાને તેણે એક ઝાડ સાથે બાંધી દીધો. પછી એ વેલ પર ટીંગાઈને સામા કિનારે પહોંચી ગયો.

મખમલી સસલું ત્રણ ટોપલા તૈયાર કરીને લાવ્યું હતું. ટોપલાને વેલની વચ્ચે બાંધી દીધા. એક ટોપલાની ઉપર પાતળિયો વાંદરો ચઢી ગયો. બીજા પર ખુશાલ ખિસકોલી તથા ત્રીજા પર મખમલી સસલું ગોઠવાઈ ગયા.

દૂધીદાંત હાથી એની સૂંઢ વડે લાકડાના એકેક ટૂકડા લાવીને નદીમાં મૂકવા લાગ્યો. ટોપલામાં બેઠાં બેઠાં ઠેક ઠેકાણે લાકડાના ટૂકડા એક પછી એક ગોઠવવા માંડ્યા.

આ દરમિયાન અદેખું શિયાળ લપાઈ છૂપાઈને આ તરફ આવતું દેખાયું. દૂધીદાંત હાથીએ જલ્દી જલ્દી લાકડાના થોડાક ટૂંકડાનું એક છટકું બનાવી કાઢ્યું અને કિનારા પર ગોઠવી દીધું.

દૂધીદાંત હાથી લાકડાના ટૂકડા લેવા ગયો એ તક જોઈને અદેખાઈથી બળી મરતું

અદેખું શિયાળ ત્યાં દોડીને આવવા લાગ્યું. જે વેલ બાંધી રાખી હતી તેને કાપી નાખીને ત્રણેયને ડૂબાડીને મારી નાખવા માટે શિયાળ અહીં આવ્યું. હતું. પરંતુ આગળ વધતાં જ એ છટકામાં સપડાઈ ગયું. એવામાં તો હાથી ત્યાં આવી ચઢ્યો. એણે સૂંઢ વડે શિયાળને ઊંચકીને નદીમાં સીધો ઘા કર્યો.


અદેખું શિયાળ નદીના પાણીમાં ડૂબીને પાછું ઉપર આવ્યું. મોકો જોઈને પાતળિયા વાંદરા, મખમલી સસલું તથા ખુશાલ ખિસકોલી એ લાકડાના ટૂકડા ઉઠાવીને શિયાળના માથા પર જોરથી ફેંક્યા. થોડીવાર માં તો શિયાળના રામ રમી ગયા.

આ જોઈને પાતળિયો વાંદરો, ખુશાલ ખિસકોલી તથા મખમલી સસલું આનંદથી નાચવા લાગ્યાં હાથીએ પણ સૂંઢને સામ તેમ હલાવીને તાલમાં નૃત્ય કર્યું.

પછી તેઓએ ફરી પુલ બાંધવાનું શરુ કર્યું. થોડી જ વારમાં સારસી નદીની ઉપર એક સુંદર નવો પુલ તૈયાર થઈ ગયો.

એ પુલ પર ગીતો ગાતાં તેઓ પેલી મેર આવેલા ખેતર-બગીચામાં જઈ પહોંચ્યા. પાતળિયા વાંદરાએ એક સુકુ નાળિયેર ઉઠાવીને માથા પર મૂકી દીધું. દૂધીદાંત હાથીએ બે ટોપલા ભરીને ફળ તથા શાકભાજી પોતાની પીઠ પર મૂકી દીધા. મખમલી સસલાએ ભાજીની એક ઝૂડી લઈને ખભા પર મૂકી દીધી. ખુશાલ ખિસકોલીએ ખૂબ કાજુ વીણીને એક થેલીમાં ભરી લીધા.

પોતે એકઠી કરેલી સામગ્રી લઈને ચારેય મિત્રો નાચતા, ગાતાં પુલ પરથી પસાર થવા લાગ્યા.



"જોયો જોયો અમારો પુલ
કેવો મજાનો અમારો પુલ
સાથે મળીને બધુય પમાય
ચાલો સાથે મળીને આગળ, આગળ"

❑

# 10.
# ખાડો ખોદે એ પડે

શિકારી કુન્યંબાડી શેરડીનું એક મોટું ખેતર ધરાવતો હતો.

ખેતરની બધી શેરડી બરાબર પાકી ગઈ કે બાજુમાં આવેલા ગાઢ જંગલમાં વસતા શિયાળને એની ઈર્ષા થઈ. શેરડીના આ ખેતરનો શી રીતે નાશ થઈ શકે? એનો તો વિચાર કરવા લાગ્યું.

પૂછડી પટપટાવતું શિયાળ ચોવલ્લૂર પરિવારના ચેલ્લપ્પન હાથી પાસે ગયું. શિયાળે હાથીને કહ્યું :

"હાથીમામા, હાથીમામા! કુન્યંબાડીના ખેતરની શેરડી બરાબર પાકી ગઈ છે અને એ તો બહુ જ મીઠી પણ છે. મામા એક કામ કરો. આવતી કાલે જઈને બધી શેરડી ખાઈ જાવ."

"પરંતુ વચ્ચે કુન્યંબાડી આવી ચઢ્યો તો? લાલચુ ચેલ્લપ્પન હાથીએ શંકા ઉઠાવી.

"કુન્યંબાડી આવશે તો હું એને રસ્તામાં જ રોકી રાખીશ." શિયાળે બાંહેધરી આપી. ખાવાની લાયમાં ચેલ્લપ્પન હાથી સંમત થયો.

શિયાળ એ પછી તરત જ શિકારી કુન્યંબાડીની ચોકીયાત ખોલી પાસે પહોંચી ગયું. એણે કુન્યંબાડીને કહ્યું : "કુન્યંબાડી, વહાલાભાઈ, તારા ખેતરનો નાશ કરવા આવતી કાલે ચોવલ્લૂર પરિવારનો ચેલ્લપ્પન હાથી આવશે. તું તીર કામઠું લઈને સર્પમંદિરમાં છૂપાઈને બેસજે, અને એ ત્યાંથી નીકળે ત્યારે એના પર બાણ છોડજે.

"હાથી મારી સામે ભડકશે તો? એ ધેસી આવે તો?" કુન્યંબાડીએ શંકા રજૂ કરી.

"હાથી ભડકીને આવશે તો હું એને કરડીને રોકી રાખીશ." શિયાળે એને ખાતરી આપી.

કુન્યંબાડી માની ગયો. એ જોઈને શિયાળ ખડખડાટ હસી પડ્યું. પછી એ સર્પમંદિર પાસે પહોંચી ગયું, અને બોલ્યું :

"નાગ બાપા! નાગ બાપા! આવતી કાલે સવારે શિકારી કુન્યંબાડી તીર કામઠું

લઈને મંદિરમાં છૂપાઈને બેસશે. બાપા તમે એને ડંખ મારીને ખતમ કરી નાખજો."

એ મને હેરાન કરશે તો?" નાગબાપાએ શંકા વ્યક્ત કરી.

"એ તમને સતાવશે તો હું કુન્ચંબાડીની વચ્ચે કૂદી પડીશ." શિયાળે હૈયાધારણ આપી.


નાગબાપાએ શાંતિથી હા પાડી. કેટલાય દિવસથી કોઈને ડંખ દઈને મારી નાખ્યો નહોતો. શિયાળ આનંદમાં આવીને નાચતું કૂદતું એની બોડમાં ગયું.

બીજા દિવસે સવારના ચેલ્લપ્પન હાથી સૂંઢ હલાવતો હલાવતો શિયાળના કહેવા મુજબ શિકારી કુન્ચંબાડીના શેરડીના ખેતરમાં પહોંચી ગયો. એ તો મીઠી મીઠી શેરડી ખેંચી કાઢીને મજાથી ખાવા લાગ્યો.

હાથીને ખેતરમાં પ્રવેશેલો જોઈ શિકારી કુન્ચંબાડી તીર કામઠું લઈને સર્પમંદિર પાસે ગયો.

મંદિરમાં સાપ લપાઈને બેઠો હતો. કુન્ચંબાડીએ ચેલ્લપ્પન હાથીને નિશાન બનાવી તીર છોડ્યું. તીર વાગતાં જ લાલચુ હાથી ખેતરમાં જ મરી ગયો.

કુન્ચંબાડી તીર કામઠું લઈને સર્પમંદિરમાં છુપાયો હતો એ નાગબાપા જોઈ ગયા હતા. ફૂંફાડો મારતો સાપ કુન્ચંબાડીને ડંસવા ધસી આવતો હતો. એ જોઈને કુન્ચંબાડીએ હાથમાં રહેલા કામઠાવડે એક જોરદાર ફટકો સાપને માર્યો. અચાનક ફટકો વાગતા જ સાપ તરફડીને મરી ગયો. કુન્ચંબાડી એના તીર કમઠાને ત્યાં ફેંકીને દોડી ગયો. એ



રવાના થયો કે તરત જ બાજુમાં છૂપાઈને ઊભેલું શિયાળ જીભ લપકાવતું ત્યાં આવ્યું. જમીન પર પડેલું કુન્યંબાડીનું કામઠું જોયું. શિયાળ તો જીભ લાંબ કરીને લોહી ચાટવા લાગ્યું.

એ લોહી ચાટતું હતું ત્યાં કામઠાની દોરી અચાનક તૂટી અને તેમાંનું તીર ધૂટ્યું અને શિયાળના ગાલમાં જઈને ભોંકાયું. એનો ગાલ ચીરાઈ ગયો અને શિયાળ ત્યાં જ ઢળી પડ્યું. બીજી જ પળે એના પ્રાણ ઊડી ગયા.


અદેખાઈને કારણે શિયાળે જે કાવતરું ઘડ્યું હતું એનો એ પોતે જ ભોગ બની ગયું. એને કારણે કેટકેટલાય મુશ્કેલીમાં સપડાયા. અંતે તો ખાડો ખોદનાર જ ખાડામાં પડી ગયો.

❑

# 11.
# શિયાળની અદાલત

ચિંગવન નદીના કિનારે એક નાના બંગલામાં કિંકિણી પક્ષી રહેતું હતું. એનો રંગ બદામી હતો.

કિંકિણી ચિંગવન નદીના કિનારે ઊભી રહીને મોકો મળતા જ માછલી પકડતી હતી.



કિંકિણી પક્ષીના બંગલાની બાજુમાં જ એક લુચ્ચી કાગડી માળો બાંધીને રહેતી હતી. એને કિંકિણી પક્ષી પ્રત્યે ભારે ગુસ્સો હતો. એ એને ધિક્કારતી હતી.

બદામી રંગની કિંકિણીને આ કાગડી મોકો મળતાં જ ચાંચ મારી લેતી તો ક્યારેક ચોંટિયો ભરી લેતી.

એક દિવસ કિંકિણી પક્ષીએ બંગલામાં એક ઈંડું મૂક્યું. લુચ્ચી કાગડીએ સડેલું ઈંડું મૂક્યું.

કિંકિણી એક દિવસ બહાર ગઈ હતી એ મોકો જોઈને કાગડીએ ઈંડાં બદલી નાખ્યાં. કિંકિણીનું ઈંડું પોતાના માળામાં મૂકી દીધું અને પોતાનું ગંદુ ઈંડું કિંકિણીના બંગલામાં ગોઠવી દીધું. કિંકિણી બાપડીને આની કાંઈ જ ખ઼બર પડી નહિ. થોડા દિવસ પછી કાગડીનું ઈંડું ફૂટ્યું અને તેમાંથી બદામી રંગનું બચ્ચુ નીકળ્યું.

પરંતુ કિંકિણીના માળામાં રહેલું કાગડીનું ઈંડું ફૂટ્યું નહિ. લાલચુ અને અદેખી કાગડીએ પોતાને છેતરી હોવાની કિંકિણીને ખબર પડી ગઈ. એ તો રડતી રડતી કાગડીને ઘેર ગઈ. એણે કાગડીને કહ્યું :

"કાગડીબેન, કાગડીબેન! તે મારું ઈંડું ચોરી લીધું છે ને? મારા વહાલા બચ્ચાને આપી દે. તું તો મારી સખી છે."

આ સાંભળીને કાગડી ગુસ્સે થઈ ગઈ. દાંતિયા કાઢીને એ બોલી :

"નહિ આપું, નહિ આપું કિંકિણી
આ બચ્ચું મારું છે, સમજી કિંકિણી"

કાગડીનો લોભ તથા ગુસ્સો જોઈને કિંકિણી મોટા અવાજે રડી પડી :

"બદામી રંગનું મારું બચ્ચું
વહાલું મઝાનું મારું બચ્ચું
જૂઠું ન બોલીશ મારી પાસે
આપી દે બચ્ચાને કાગડી બેન"

તોય લાલચુ કાગડીએ બચ્ચું પાછું ન આપ્યું. કિંકિણીએ વારંવાર કહ્યું કે એ મારું બચ્ચું છે. મને આપી દે. છેવટે લાલચુ કાગડીએ એક યુક્તિ કરી સંભળાવી :

"ભુરા પર્વતના વન વગડામાં
રહે છે ન્યાયાધીશ શિયાળ
સચ્ચાઈનાં કરવાં હોય પારખાં
તો આપણે કાલે ત્યાં જઈએ"

બાપડી કિંકિણીએ માનવું જ પડ્યું. ન્યાયાધીશ શિયાળની કોર્ટમાં જવાથી સત્ય બહાર આવશે એવું તેને લાગ્યું.

પરંતુ લુચ્ચી તથા લાલચુ કાગડીએ એ રાત્રે ક્યાંકથી એક હાડકુ મેળવ્યું. હાડકુ લઈને એ ન્યાયાધીશ શિયાળને ઘેર જઈ પહોંચી. એણે ન્યાયાધીશ શિયાળને વિનંતી કરી :

"ન્યાયના રખેવાળ ઓ શિયાળ
તું મારી રક્ષા કરજે, બચાવજે ભાઈ"

કાગડીના હાથમાં લોહીની વાસવાળું હાડકું જોઈ શિયાળના મોંમા પાણી છૂટ્યું. ન્યાયાધીશે જીભ લપલપાવતા કહ્યું :

"લાંચ હોય તો ના ખપે મને
લાંચ ન હોય તો મૂકી દે ત્યાં"

કાગડીએ ત્યાં આવવાનું કારણ શિયાળના કાનમાં કહી દીધું. હાડકું જોઈને લલચાઈ ગયેલા શિયાળે ફેરવી તોળવાનું નક્કી કર્યું.

"કાલે સવારે અહીં આવી જા તું
ઘટતું બધુંય કરી આપીશ હું
લાંચ નહિ લેનારું કોણ આ ગામમાં
હાડકું મૂકીને તું જલ્દી ચાલ્યો જા."

લાંચ તરીકે લાવેલા હાડકાને ન્યાયાધીશ શિયાળના ચરણમાં મૂકીને કાગડી રાજી થતી પાછી ગઈ.

બીજા દિવસે સવારના કાગડી કિંકિણીને લઈને ભુરા પર્વતના જંગલમાં આવેલા ન્યાયાધીશ શિયાળની કોર્ટમાં ગઈ.

કોર્ટની વચ્ચે ન્યાયાધીશ શિયાળ અજાણ્યું થઈને ન્યાયાસને બેઠું હતું.

પહેલી દલીલ કાગડીએ કરી. એણે કહ્યું :

"પડાવી લેવા મારા બચ્ચાને
જુઠું બોલે કિંકિણી, ન્યાયાધીશ
બદામી રંગનું બચ્ચું છે, મારું
સાચું કહું છું હું, ઓ ન્યાયાધીશ"

આ સાંભળીને ન્યાયાધીશ શિયાળે હળવેથી મસ્તક ઊંચુ કરીને કિંકિણી સામે જોયું. એણે પૂછ્યું :

"શું કહે છે, કિંકિણી પક્ષી
આ બધું ખરું છે કે શું?"

કિંકિણી તો રડી પડી. એ બોલી :

"ડાંગરનાં ફોતરાંના રંગવાળું
બચ્ચું મારું વહાલું બચ્ચું છે
આણે ચોરી લીધું ઈંડું મારું
સજા કરો એને ઓ ન્યાયમૂર્તિ"

આ સાંભળી ન્યાયપીઠ પર બેઠેલા ન્યાયાધીશ શિયાળે ચોમેર નજર ફેરવી, પછી તો મોટા ન્યાયાધીશની અદાથી બોલ્યું :

"ડાંગરના ફોતરાંના રંગવાળાં બચ્ચાં
કાગડીને પણ જન્મી શકે છે
માખણના લોંદા જેવી સફેદ ગાયને

કોલસા જેવા કાળાં કાળાં બચ્ચાં જન્મે
કાળા અંધારા મંદિરની કૂતરી બદામી
રંગનાં બચ્ચાંને જન્મ આપે છે
આથી કાગડીએ જે કાંઈ કહ્યું
તે બધુંય સાચેસાચુ હોઈ શકે છે."

ન્યાયાધીશ શિયાળનો અન્યાયી ચુકાદો સાંભળી કિંકિણી રડતી રડતી એના બંગલે પાછી ગઈ.

કિંકિણીનો હૂરિયો બોલાવીને લાલચુ કાગડી એના માળામાં પાછી ગઈ.

મધરાત થવા છતાંય કિંકિણીને ઊંઘ આવતી નહોતી. એ તો બંગલામાં બેસીને મોટેમોટેથી રડવા લાગી. એના રડવાનો અવાજ સાંભળીને બાજુના અંજીરના વૃક્ષમાં રહેતો ચિત્રા વાંદરો બંગલામાં ગયો. એણે કિંકિણીને પૂછ્યું :

"કિન્નરી જેવી કિંકિણી
બંગલામાં રહેતી કિંકિણી
શા માટે આટલું રડે છે, તું
કહે મને તારું દુ:ખ છે, શું"

કિંકિણીએ બનેલી બધી વાત અક્ષરશ: કહી. ચિત્રા વાંદરાએ આ સાંભળીને એને આશ્વાસન આપ્યું :

"લાલચુ કાગડી છે જ ચોરટી
ગામને તારાજ કરતી ચોરટી
ન્યાય તોળતું ન્યાયાધીશ શિયાળ
લાંચ લેતો સૌથી મોટો ચોર"

આ સાંભળીને કિંકિણીને શાંતિ થઈ. પરંતુ બચ્ચું પાછું ન મળવાનું દુ:ખ તો હતું જ. એણે ચિત્રા વાંદરાને પૂછ્યું :

"મારા વહાલા બચ્ચાને મેળવવા
મારે શું કરવું જોઈએ, ચિત્રાભાઈ"

થોડીવાર વિચાર કર્યા પછી ચિત્રા વાંદરાએ જણાવ્યું :

"રાજ કરતા રાજાને તું કહે
તો તારું બચ્ચું તને પાછું મળે
રાજા ખરેખર ન્યાયપાલક છે
જલ્દી જઈ તું તારી ફરિયાદ કર"

પરંતુ રાજા પાસે જવામાં કિંકિણીને ડર લાગતો હતો. એથી એ ગઈ નહિ.

રાજાની કુંવરી તાંબુલકન્યા રોજ જલક્રીડા માટે ચિંગવન નદીએ આવતી હતી.

તાંબુલકન્યાને મળીને પોતાના દુઃખની વાત કહેવાનું કિંકિણીએ નક્કી કર્યું.

એ દરમિયાન તાંબુલકન્યા નહાવા આવી ત્યારે એની મહામૂલી હીરાની વીંટી પાણીમાં પડી ગઈ.

ડૂબકી મારાઓ આવ્યા, જાળ નાખવાવાળા આવ્યા. હાથીના મહાવતો આવ્યા. બધાયે ખૂબ મહેનત કરી પણ વીંટી ન જ મળી.

અંતે રાજ કરતા રાજા જાતે મોટી પાલખીમાં બેસીને ચિંગવન નદીના કાંઠે આવ્યો.


તાંબુલકન્યાની વીંટી પાછી આપનારને મોં માંગ્યું ઈનામ આપવાનો ઢંઢેરો પીટવાનો રાજાએ આદેશ આપ્યો.

આદેશ સાંભળતા વેંત ગોફણમાંથી છૂટતા ગોળાની જેમ કિંકિણી સડસડાટ પાણીમાં ઊતરી ગઈ અને હીરાની વીંટી લઈને પાછી આવી.

રાજા તથા કુંવરી રાજીનાં રેડ થઈ ગયાં. રાજાએ પૂછ્યું : "વહાલી કિંકિણી, સારી કિંકિણી તને ઈનામમાં શું જોઈએ - સોનું, ચાંદી, ઘરેણાં કે ગીની?"

કિંકિણીએ સોના-ચાંદી કે ઘરેણાં ન માગ્યાં. એણે પોતાનું દુઃખ રાજાને જણાવ્યું. રાજાએ તરત જ હુક્મ કર્યો.

"હજાર સૈનિકો, હાથી તથા અંબાડી લઈ જાઓ અને કાગડીને બાંધીને મારી સામે હાજર કરો."



તેઓ ગયા અને કાગડીને પકડી લાવીને રાજાની આગળ ઊભી કરી. રાજાએ સવાલ કર્યો :

"ચોરટી કાગડી, લાલચુ કાગડી, આ ઊભી છે એ કિંકિણીના બચ્ચાંને તે ઉપાડી લીધું છે એ ખરું છે કે ખોટું? જુઠું બોલીશ તો હમણાં જ તારી જીભ અને પાંખો હું કાપી નાખીશ."

આ સાંભળીને લાલચુ કાગડીએ બધુંય સાચેસાચુ કહી દીધું. એ જલ્દી જઈને બદામી રંગના બચ્ચાને લઈ આવી અને કિંકિણીને સોંપી દીધું.


રાજાએ ભલીભોળી કિંકિણીને મનોહારી રંગો આપ્યા. એને મધુર સ્વર આપી એને કલકલિયાનું નામ આપી નવાજી.

કાગડીને ઘોઘરો સ્વર તથા ચોર કહીને ખાવાનો શાપ આપ્યો. લાંચ લેનારા ન્યાયાધીશ શિયાળને દેશવટો આપ્યો.

❑

# 12.
# સસારામની હોંશિયારી

મૂછવાળા કણગન સસલાનો સસારામ મોટો દીકરો હતો. એ ભારે હોંશિયાર અને બુદ્ધિશાળી હતો.



શાળામાં રજા પડી. સસારામને નાનીમાને ઘેર જવાની ઈચ્છા થઈ. આમતેમ વાઘ ફરતા હોય તેવા ડુંગરની પેલી બાજુમાં આવેલા સંતરાના બગીચામાં નાનીમા રહેતાં હતાં. એક દિવસ સસારામે એના પિતાને કહ્યું :

"શાળાઓ બંધ થઈ
લતાઓમાં ફૂલ ખીલ્યા
હું નાનીમાને ઘેર
જઈ આવું કે, બાપુ?"

આ સાંભળીને મૂછવાળો કણુાન થડકી ગયો. એણે પોતાની મૂછને કંપાવીને કહ્યું:

"ઓ મારા દીકરા, સસારામ, ત્યાંનો રસ્તો મુશ્કેલીઓથી ભરેલો છે. રસ્તામાં તને વાઘ સિંહ સાપ કે વીંછી ઝડપી લેશે."

"વાઘ સિંહ આવે તો ય
આ સસારામ ગભરાશે નહિ
મુશ્કેલીઓનો સામી છાતીએ
સામનો કરશે આ સસારામ"

સસારામની હિંમત તથા હોંશિયારી જોઈ કણુાને એને નાનીમાને ત્યાં જવાની રજા આપી. સસારામે બાપુના ચરણસ્પર્શ કર્યા અને પ્રણામ કર્યા. બીજા દિવસે સવારના નાનીમાને ઘેર જવા એ રવાના થયો.

જંગલની વાટ કાપી, નદી નાળા વટાવી સસારામ વાઘટેકરાની નજીક જઈ ચઢ્યો. ત્યાં એણે લાલચોળ આંખોવાળા વાઘજી વાઘને આવતા જોયો. કરડાકી ભરી નજરે વાઘજી બોલ્યો : "એલા કંદચોર સસારામ, તને હું હમણાં જ ફાડી ખાઈશ. મને બહુ જ ભૂખ લાગી છે."

આ સાંભળીને સસારામ બિલકુલ ગભરાયો નહિ. એણે તો હાથ જોડીને વિનીત સ્વરે કહ્યું :

"વાઘ મામા, મોટા રાજા
આજે મને માફ કરજે
જાઉં છું હું મામીને ઘેર
મોટા એક જમણવારમાં
ભોજન કરી પાછા આવતા
જાડિયો થઈ ગયો હોઈશ
ત્યારે તું મને ખાજે, ખૂબ
મજા આવશે, આજે છોડ મારી વાટ"

સસારામનો પ્રેમ તથા વિનય જોઈ ખુશ થયેલા લાલ આંખવાળા વાઘજી વાઘે એ સમયે એને જવા દીધો.

ગાતો, નાચતો, કૂદતો સસારામ મગરશિલાની પાસે પહોંચ્યો. ત્યાં એની નજરે મોં ફાડીને આગળ વધતો મગર દેખાયો. મોટી આંખવાળા મગરે કહ્યું :

"મહેમાન વહાલા સસલા, હું હમણાં તારો કોળિયો કરી જઈશ. મને બહુ જ ભૂખ લાગી છે."

આ સાંભળીને સસારામ ગભરાયો નહિ. એણે તો હાથ જોડીને વિનંતિ કરી :

"મોટા મગર, જળના રાજા

આજે મને માફ કરજે
જાઉં છું હું મામીને ઘેર
મોટા એક જમણવારમાં
ભોજન કરી પાછા આવતા
જાડિયો થઈ ગયો હોઈશ
ત્યારે તું મને ખાજે, ખૂબ
મજા આવશે, આજે છોડ મારી વાટ"

સસારામનો પ્રેમ તથા વિનય જોઈ ખુશ થયેલા મગરે એ સમયે એને જવા દીધો.

જંગલના કંદમૂળ તોડી, ખાઈને વનના ઘાસને આરોગી સસારામ આગળ ચાલીને વનરાજાના મહેલ પાસે પહોંચ્યો.

ત્યાં શૂરવીર માણેકસિંહ ત્રાડ પાડતો એ રસ્તે આવ્યો. માણેકસિંહે સસારામને આમ કહ્યું :

"કપાળમાં તિલકવાળા સસારામ, અત્યારે હું તારી મિજબાની ઊડાવીશ. મને ખૂબ જ ભૂખ લાગી છે."

આ સાંભળીને સસારામે જરાય ગભરાયા વિના હાથ જોડીને સિંહને વિનંતી કરી:

"વનનું રાજ કરતાં રાજા
આજે મને માફ કરજે
જાઉં છું હું મામીને ઘેર
મોટા એક જમણવારમાં
ભોજન કરી પાછા આવતાં
જાડિયો થઈ ગયો હોઈશ
ત્યારે તું મને ખાજે, ખૂબ
મજા આવશે, આજે છોડ મારી વાટ"

સસારામનો પ્રેમ તથા વિનય જોઈ ખુશ થયેલા શૂરવીર માણેકસિંહે એ સમયે એને જવા દીધો.

જંગલના ઝરણામાં મોં ધોઈ, પાણી પીને સસારામ વાઘની હિલચાલવાળા ડુંગરની બાજુમાં આવેલા સંતરાના બગીચા આગળ પહોંચ્યો.

ત્યાં તો એની નજર પોતાને ઊંચકીને લઈ જવા માટે ગોળ ચકરાવા લેતા ખતરનાક ગીધ પર પડી. ખતરનાક ગીધે કહ્યું :

"એલા તોફાની સસારામ, તને હમણાં જ ઊંચકી લઈને ફોલી ફોલીને ખાઈશ. મને બહુ જ ભૂખ લાગી છે." આ સાંભળીને સસારામ ગભરાયો નહિ. એણે તો હાથ જોડીને વિનંતી કરી :

"ગીધભાઈ, ગગનવિહારીભાઈ,
આજે મને માફ કરજે
જાઉં છું હું મામીને ઘેર
મોટા એક જમણવારમાં
ભોજન કરી પાછા આવતા
જાડિયો થઈ ગયો હોઈશ
ત્યારે તું મને ખાજે, ખૂબ
મજા આવશે, આજે છોડ મારી વાટ"

સસારામનો પ્રેમ તથા વિનય જોઈ ખુશ થયેલા ખતરનાક ગીધે એ સમયે એને જવા દીધો.

જંગલી ફૂલો તોડી, જંગલનાં શાકભાજી ખાઈને સસારામ ઝડપથી સંતરાના બગીચામાં આવેલા નાનીમાને ઘેર પહોંચી ગયો.

નાનીમા એને જોઈને બહુજ રાજી થઈ ગયા. એમણે એના માટે સરસ જમણવારની વ્યવસ્થા કરી. સેકેલા કાજુ, ચણાની દાળ, મૂળાનું રાયતું, કોળાનું શાક, સેવનો દૂધપાક, વગેરે ખાઈ ખાઈને સસારામ ખરેખર જાડિયો-પાડિયો થઈ ગયો. એનું રૂપ પણ ખીલ્યું.

રજા પૂરી થવા આવી અને શાળા ખુલવાનો દિવસ નજીક આવતાં જ સસારામે નાનીમાને કહ્યું :

"નાનીમા, મોટીબા, રજા પૂરી થવા આવી. હવે વખત ગુમાવ્યા વિના હું ઘેર જઈશ."

આ સાંભળીને નાનીમાએ એને ઘેર જવાની રજા આપી. ત્યાં એણે રસ્તામાં આવનારા ખતરાને યાદ કર્યા.

ખતરનાક ગીધ, શૂરવીર માણેકસિંહ, મોટી આંખવાળો મગર, લાલ આંખવાળો વાઘ, બધાય એને ફાડી ખાવા માટે રાહ જોઈને ઊભા હશે તેની સસારામને બરાબર જાણ હતી.

અચાનક એને એક યુક્તિ સૂઝી. એના નાના જે ઢોલ વગાડતા હતા એ ત્યાં જ પડ્યું હતું. ઢોલ ઉઠાવી લઈને એણે નાનીમાને કહ્યું :

"નાનીમા, મારા મજાના નાનીમા
આની અંદર મને મૂકી દો
કોઈપણ જાતની મુશ્કેલી વિના
હું હિમ્મતથી આગળ જઈ શકીશ"

નાનીમાએ ઝટપટ ઢોલ ખોલીને સસલાને અંદર મૂકી દીધો. પછી ઢોલની બંને બાજુઓ બરાબર બંધ કરી દીધા.

ઢોલની અંદર બેઠાં બેઠાં સસારામે નાનીમાની રજા લીધી. પછી એણે ઢોલને કહ્યું:

"ઢોલભાઈ, ઓ મારા ઢોલભાઈ
વાટ ચૂક્યા વિના આગળ જા
આજે તું જ મારો ખરો મિત્ર
વાટ ચૂક્યા વિના આગળ જા"

આ સાંભળીને ઢોલ ગબડવા લાગ્યું અને રસ્તો કપાવા લાગ્યો.

વાઘની હિલચાલવાળા ડુંગરની પાસે ઢોલ પહોંચ્યું ત્યાં તો ખતરનાક ગીધે ગુસ્સામાં પૂછ્યું :

"ઢોલભાઈ, ઢોલભાઈ, નાનીમાને ઘેર જમવા ગયેલા ચોર સસારામને તે રસ્તામાં ક્યાંય જોયો કે?"

આ સાંભળીને ઢોલની અંદર બેઠેલા સસારામે અવાજ બદલીને જવાબ આપ્યો :

"ના જોયો મેં સસારામ સસલાને
રસ્તે ક્યાંક મળશે તો બાંધી લાવીશ"

આટલું કહેતા જ ઢોલ આગળ વધવા લાગ્યું. વનરાજના મહેલ આગળ પહોંચ્યું ત્યાં શૂરવીર માણેકસિંહે ગુસ્સામાં પૂછ્યું :

"ઢોલભાઈ, ઢોલભાઈ, નાનીમાને ઘેર જમવા ગયેલા ચોર સસારામને તે રસ્તામાં ક્યાંય જોયો કે?"

આ સાંભળીને ઢોલની અંદર બેઠેલા સસારામે અવાજ બદલીને જવાબ આપ્યો :

"ના જોયો, મેં સસારામ સસલાને
રસ્તે ક્યાંક મળશે તો બાંધી લાવીશ."

આટલું કહેતા જ ઢોલ આગળ વધવા લાગ્યું અને વનરાજાના મહેલ આગળ પહોંચ્યું. શૂરવીર માણેકસિંહે ગુસ્સામા પૂછ્યું :

"ઢોલભાઈ, ઢોલભાઈ, નાનીમાને ઘેર જમવા ગયેલા ચોર સસારામને તે રસ્તામાં ક્યાંય જોયો કે?"

આ સાંભળીને ઢોલની અંદર બેઠેલા સસારામે અવાજ બદલીને જવાબ આપ્યો :

"ના જોયો મેં સસારામ સસલાને
રસ્તે ક્યાંક મળશે તો બાંધી લાવીશ"

આટલું કહીને ઢોલ આગળ વધ્યું અને મગરશિલા પાસે પહોંચી ગયું. ત્યાં ગુસ્સે થયેલા મગરે પૂછ્યું :

"ઢોલભાઈ, ઢોલભાઈ, નાનીમાને ઘેર જમવા ગયેલા ચોર સસલાને રસ્તામાં ક્યાંય જોયો કે?

આ સાંભળીને ઢોલની અંદર બેઠેલા સસારામે અવાજ બદલીને જવાબ આપ્યો :

"ના જોયો મેં સસારામ સસલાને
રસ્તે ક્યાંક મળશે તો બાંધી લાવીશ"

આટલું કહીને ઢોલ આગળ વધીને વાઘટેકરા નજીક પહોંચ્યું. લાલ આંખવાળા વાઘે ગુસ્સામાં પૂછ્યું :

"ઢોલભાઈ, ઢોલભાઈ, નાનીમાને ઘેર જમવા ગયેલા ચોર સસારામને રસ્તામાં ક્યાંય જોયો કે?"

આ સાંભળીને ઢોલની અંદર બેઠેલા સસારામે અવાજ બદલીને જવાબ આપ્યો :

"ના જોયો મેં સસારામ સસલાને
રસ્તે ક્યાંક મળશે તો બાંધી લાવીશ"

આટલું કહીને ઢોલ આગળ વધીને મૂછવાળા કણ્ણન સસલાના ઘર આગળ પહોંચી ગયું.

અચાનક ઢોલની એક બાજુ ખોલીને ફૂલની જેમ સ્મિત વેરતો સસારામ તેમાંથી કૂદીને બહાર નીકળ્યો.


લાલ આંખવાળા વાઘ, મોટી આંખવાળા મગર, શૂરવીર માણેકસિંહ તથા ખતરનાક ગીધને પોતે કેવી રીતે છેતર્યા તેનો સસારામે વિસ્તૃત અહેવાલ મૂછવાળા કણ્ણન સસલાને આપ્યો.

આ સાંભળીને અત્યંત ખુશ થયેલા કણ્ણને સસારામને છાતી સરસો ચાંપી દીધો.

❑

# 13.
# પાચન સસલાની શાકભાજીની લારી

કાછિયા પાચન સસલું એક ઠેલણગાડી ભરીને શાકભાજી લઈને ગામ આખામાં ફરતું હતું. ચોળી, તુરિયાં, લીલાં મરચાં, કાચા કેળાં વગેરે એની લારીમાં ભર્યા રહેતા.



થોડુંક આગળ ચાલ્યું હશે ત્યાં અચાનક વરસાદ તૂટી પડ્યો. વીજળી ચમકી અને પવન ફૂંકાયો વરસાદ પણ પડ્યો.

વરસાદ પડવાથી રસ્તો કાદવવાળો થઈ ગયો. પાચન સસલાએ ઘણી મહેનત કરી જોઈ. પણ એની ગાડી આગળ જ ન વધે. સાંજ પડી ગઈ.

કોઈ મદદ કરવાવાળું મળી જાય તો જલ્દી ઘેર પહોંચી શકાય એણે વિચાર્યું ત્યાં કાળા માથાવાળો કુન્યન દેડકો ડ્રાઉ, ડ્રાઉ અવાજ કરતો કૂદતો કૂદતો ત્યાં આવી ચઢ્યો.

પાચન સસલાએ હાથ જોડીને કુન્યને દેડકાને કહ્યું :

"પીળા માથાવાળા કુન્ચન દેડકા
ગાડી મારી આગળ નથી જતી
સહેજ ધક્કો મારવા દોસ્ત મારા
થોડીવાર અહીં રોકાઈશ કે?"

કુન્ચન દેડકાએ તો પાછુ વાળીને જોયા વિના જ કહ્યું :

"ના સસલા એ નહિ બને
થોભવાને બિલ્કુલ સમય નથી
સુંદર સરોવરની મેડકીના
લગ્નમાં જઈ રહ્યો છું હું"

આ સાંભળીને પાચન સસલાને ભારે દુ:ખ થયું. હવે વળી કોણ આવશે? પાચન સસલું તો થાકીને લારીની બાજુમાં બેઠું.

થોડીવાર પછી કારાના બગીચાનો રારિચ્ચન કાચબો ડોક લંબાવતો લંબાવતો ત્યાં આવ્યો. પાચન સસલાએ વ્યથિત સ્વરે રારિચ્ચન કાચબાને કહ્યું :

"કાચબાભાઈ, મારા વહાલા ભાઈ
ગાડી મારી આગળ નથી જતી
સહેજ ધક્કો મારવા દોસ્ત મારા
થોડીવાર અહીં રોકાઈશ કે?"

રારિચ્ચન કાચબાએ મૂંઝાઈને કહ્યું :

"પાચન સસલા, રાંક સસલા
થોભવાને બિલ્કુલ સમય નથી
જંગલી શિયાળ લપાઈ છૂપાઈને
મારી પાછળ ચાલ્યું આવે છે"

આ સાંભળીને પાચન સસલાને રડવાનું મન થઈ આવ્યું. હવે કોણ આવશે? એ તો માથે હાથ દઈને ત્યાં રાહ જોવા લાગ્યું. થોડીવાર પછી પથ્થરદ્વારનો પોન્નન કરચલો બની ઠનીને ત્યાં આવ્યો.

પાચન સસલાએ આશાભરી નજર નાખી કરચલાને પૂછ્યું :

"કરચલાભાઈ વહાલા કરચલા
ગાડી મારી આગળ નથી જતી
સહેજ ધક્કો મારવા દોસ્ત મારા
થોડીવાર અહીં રોકાઈશ કે?

આ સાંભળીને કરચલાએ આંખ કાઢીને કહ્યું :

"તાંબડ સસલા, બડાઈખોર સસલા
થોભવાને બિલ્કુલ સમય નથી
તિરુનેલ્લૂરનો મેળો જોવા હું
નવા કપડા પહેરી જાઉં છું"

આ સાંભળીને સસલાનું દિલ ભાંગી ગયું. હવે કોણ આ રસ્તે આવશે? એ તો આંખો ઉઘાડી રાખીને બેસી રહ્યો. થોડીવાર પછી ટેકરા ફળિયાની કાળી બિલાડી મ્યાઉં મ્યાઉં કરતી ત્યાં ટપકી પડી.

પાચન સસલાએ બિલાડીના ચરણસ્પર્શ કરીને નમ્રતાપૂર્વક પૂછ્યું :

"ટેકરા ફળિયાની મૂછાળી બિલાડી
ગાડી મારી આગળ નથી જતી
સહેજ ધક્કો મારવા દોસ્ત મારી
થોડીવાર અહીં રોકાઈશ કે?

કાળી બિલાડી પૂછડી પટચટાવીને બોલી :

"જાડિયા સસલા, પાડિયા સસલા
થોભવાને બિલ્કુલ સમય નથી
ઉંદરો તમામને મારી નાખવા
એરુમલ્લૂર જાઉં છું હું"

આ સાંભળી પાચન સસલાની બંને આંખો ભરાઈ આવી. હવે કોણ આવશે? આંખો લૂછીને એ રાહ જોવા લાગ્યું. થોડીવાર પછી સૂરણબાગનો સૂરણમુખો સાપ પેટ પર ઘસડાતો ત્યાં આવી ચઢ્યો. પાચન સસલાએ રડતાં રડતાં એને પૂછ્યું :

"સૂરણમુખા વહાલા સાપભાઈ
ગાડી મારી આગળ નથી જતી
સહેજ ધક્કો મારવા દોસ્ત મારા
થોડીવાર અહીં રોકાઈશ કે?"

સૂરણમુખાએ આંખ કાઢીને કહ્યું :

"એલા છોરા સસલા ખોટા છોરા
થોભવાને બિલ્કુલ સમય નથી
નોળિયા સાથે લડવા માટે હું
તૈયાર થઈને જઈ રહ્યો છું."

આ સાંભળીને પાચન સસલું મોટેથી રડી પડ્યું. આકાશમાં ફરી વાદળા ઘેરાયા. વીજળી ચમકવા માંડી. પાચન સસલું ગભરાઈને કાંપવા લાગ્યું.

શાકભાજીની લારીને ત્યાં છોડી દઈને દોડીને ક્યાંક આશ્રય લેવાનું મન થઈ

આવ્યું. એણે ચોળી, તુરિયાં વગેરેનું પોટલું બાંધી માથે મૂક્યું. કાચાં કેળાં તથા લીલા મરચાંને થેલીમાં ભરી થેલી ખભામાં ભેરવી લીધી. ભરેલી આંખે પાચન સસલું જવાને તૈયાર થતો હતો ત્યાં દયાળુ ઉંદર ત્યાં આવી ચઢ્યો :

ઉંદરે એને પૂછ્યું :


"શા માટે રડે છે, તું સસલા?
શા માટે એ મને કહે તો ખરા"
વરસાદ અને વીજળી પડવાથી?
કહી દે મને ગભરાયા વિના"

પાચન સસલાએ હીબકા ભરતાં ભરતાં કહ્યું :

"ઉંદરભાઈ, મારા ઉંદરભાઈ
ગાડી મારી આગળ નથી જતી
કેટલાયના પગ પકડીને કરી
વિનંતિ વારંવાર તોય કોઈએ
ન માર્યો ધક્કો, ન મદદ કરી
એ તે કેવા મારા કમનશીબ"

પાચન સસલું ફરી પાછું રડવા લાગ્યું ત્યારે ઉંદરે એને આશ્વાસન આપ્યું.

"રડીશ નહિ મારા વહાલા સસલા
લૂછી નાખ તારા તમામ આંસુ



ઘર સુધી પહોંચાડવા તારી ગાડીને
ધક્કો હું મારીશ, મારા વહાલા સસલા"

આ સાંભળીને પાચન સસલાએ તમામ શાકભાજી પાછા ગાડીમાં મૂકી દીધા અને આગળ ઊભા રહીને ગાડી ખેંચવા માંડી.

ઉંદરે પાછળથી હેલકારો દીધો :

"હેઈશો .... ઓ હેઈશો....
ગાડી ચાલ આગળ હેઈશો...

કીચુડ કીચુડ અવાજ સાથે ગાડી આગળ ચાલવા લાગી. થોડીવારમાં તો ગાડી પાચન સસલાના ઘરના આંગણામાં પહોંચી ગઈ.

સાંજ પડવા છતાંય પાચન સસલાના ન આવવાથી એની પત્ની ચાચમ્મા ઉંબરામાં ઊભીને એની રાહ જોઈ રહી હતી.

ગાડી ઘેર પહોંચતા જ પાચન સસલાના આનંદનો કોઈ પાર નહોતો. પાચન સસલાએ મૂળાની એક જૂડી, લાલભાજીની એક જૂડી તથા અર્ધીવાટકી નાળિયેર ઉંદરને આપ્યા. ઉંદરે તો મૂળો કરડતા, કરડતા ગીત ગણગણાતા ઘર ભણી ચાલવા માંડ્યું :

"ઉપકાર કરો ભાઈ
પરોપકાર કરો ભાઈ
હે લે લે હો હો લે
આપણને કેટલો આનંદ"

❑

# 14.
# અંગારો અને દેડકો

કુડમાળૂરના કુન્યણ્ણીમામાના રસોડામાં લાલ આંખવાળો અંગારો તથા દુંદાળો દેડકો રહેતા હતા.

લાલ આંખવાળો અંગારો તથા દુંદાળો દેડકો નિકટના ભાઈબંધ હતા. લાલ આંખવાળા અંગારાને એક દિવસ કોડુંગલ્લૂર મંદિરમાં જઈ કોડુંગલ્લૂર દેવીના દર્શન કરવાનું મન થયું.

લાલ આંખવાળો અંગારો તો સારા મઝાનાં કપડાં પહેરીને દુંદાળા દેડકાની પાસે ગયો. એણે એને પૂછ્યું :

"દુંદાળા, દુંદાળા હું કોડુંગલ્લૂર દેવીને પગે લાગવા જાઉં છું. તું આવે છે, મારી સાથે?"

દેડકાએ એની ફાંદ પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું : "અંગારા તું જતો હોય તો આ દુંદાળો આવવા તૈયાર છે."

આ રીતે લાલ આંખવાળો અંગારો અને દુંદાળો દેડકો સાથે મળીને કોડુંગલ્લૂર દેવીને પગે લાગવા કોડુંગલ્લૂર જવા રવાના થયા.

ચાલતાં ચાલતાં બંને મિત્રો નડવરંબ પહોંચ્યા કે આગળ એક નાળું આવ્યું. દુંદાળો દેડકો તો એક છલાંગ મારીને નાળાંની પેલી બાજુ પહોંચી ગયો. પરંતુ લાલ આંખવાળા અંગારા માટે નાળું પાર કરવું ભારે મુશ્કેલ હતું.

દુંદાળા દેડકાએ ક્યાંકથી સુકુ ઘાસ મેળવ્યું અને નાળાની ઉપર તેનો પુલ બાંધ્યો. એ બોલ્યો :

"લાલ આંખવાળા, ઓ અંગારા,ઘાસના આ પુલ પરથી ધીમે ધીમે આ બાજુ ચાલ્યો આવ."

લાલ આંખવાળા અંગારાએ દુંદાળા દેડકાએ કહ્યું તે મુજબ ધીમે ધીમે પેલી બાજુ પહોંચવા આગળ ચાલવા લાગ્યો. પુલની વચ્ચે પહોંચતાં જ અંગારાના તાપથી ઘાસના પુલને આગ લાગી. પુલની સાથે અંગારો પણ પાણીમાં પડ્યો.

કોડુંગલ્લૂર જવા નીકળેલો અંગારો નાળાંનું પાણી પીને શૂ ... શૂ ... શૂ અવાજ

સાથે રડવા લાગ્યો. આ જોઈ દુંદાળા દેડકાને ખૂબ જ હસવું આવ્યું. એ તો જોર જોરથી હસવા લાગ્યો. હસતાં હસતાં એનું પેટ ફુગ્ગાની જેમ ફૂલવા લાગ્યું. તોય એણે હસવાનું ચાલુ રાખ્યું.

અચાનક ફુગો ફૂટે તેમ દુંદાળા દેડકાનું પેટ ફાટી ગયું. પેટ ફાટતાંની સાથે કુંદાળો દેડકો મોટે મોટેથી રડતો રડતો પાછું વાળીને જોયા વિના આગળ આગળ દોડવા લાગ્યો.

દોડી દોડીને દેડકો અન્નામ્મા ચોકમાં આવેલી દરજણ પોન્નમ્મા પાસે પહોંચી ગયો. દુંદાળા દેડકાએ પોન્નમ્મા દરજણને કહ્યું :

"દરજણ, દરજણબેન, હસતાં હસતાં આ સેવકનું પેટ ફાટી ગયું. તું સોય દોરો લઈને સાંધી આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા ... દોરો તું આપીશ કે? ક્યાંકથી એક હાથ જેટલો દોરો લઈ આવ." પોન્નમ્મા દરજણે કહ્યું.

આ સાંભળીને દુંદાળો દેડકો જલ્દી જલ્દી દોરો લેવા માટે વણકર ચાતુને ત્યાં ગયો. દુંદાળા દેડકાએ વણકર ચાત્તુને વિનંતિ કરી :

"વણકર ચાતુ, વણકર ચાતુ! હસતાં હસતાં મારું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને આપવા માટે એક હાથ જેટલો દોરો આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા ... દોરો હું આપીશ. પણ દોરો વણવા માટે મારી પાસે રૂ નથી. તું એક કામ કર. ક્યાંકથી એક ટોપલો ભરીને રૂ લઈ આવ." વણકર ચાતુએ જવાબ આપ્યો.

આ સાંભળીને દુંદાળો દેડકો જલ્દી જલ્દી રૂ મેળવવા માટે પોન્ચીક્કરાના કુન્ચવરાનના કપાસના બગીચામાં પહોંચી ગયો.

દુંદાળા દેડકાએ કુન્ચવરાનને કહ્યું :

"કુન્ચવરાન, કુન્ચવરાન! હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને આપવા માટે એક ટોપલો રૂ આપીશ કે?"

કુન્ચવરાને જવાબ આપ્યો :

"અરે! એમાં શી મોટી વાત છે, દુંદાળા ... હું તને રૂ આપીશ. પરંતુ મારા કપાસના છોડને ખાતરપૂરું પાડવા તું કુન્ચી ગાયનું છાણ લાવી આપીશ કે?"

આ સાંભળીને દુંદાળો દેડકો જલ્દી જલ્દી કુન્ચી ગાયની પાસે પહોંચી ગયો. તેણે નમ્ર સ્વરે કુન્ચી ગાયને કહ્યું :

"કુન્ચી ગાય, કુન્ચી ગાય! હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું. ફાટી

ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને રૂ આપવાવાળા કુન્ચવરાનના કપાસના છોડને ખાતર પૂરૂં પાડવા માટે થોડું છાણ આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા ... છાણ હું આપીશ તને, પણ મને ખૂબ જ ભૂખ લાગી છે. તું મારા માટે ટોપલો ભરીને નાળિયેરનો ખોળ લાવી આપ." કુન્ચી ગાયે તેની શરત મૂકી.

આ સાંભળીને દુંદાળો જલ્દી જલદી નાળિયેરનો ખોળ મેળવવા માટે ઘાંચી ચકાલ નાયરની પાસે પહોંચી ગયો. એણે ઘાંચી ચકાલ નાયરને કહ્યું :

"ચકાલ નાયર, ઓ મારા ચકાલ નાયર! હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને રૂ આપવાવાળા કુન્ચવરાનના કપાસના છોડને ખાતર પૂરૂં પાડવા માટે છાણ આપવા સંમત થયેલી કુન્ચી ગાયને એની ભૂખ ભાંગવા માટે તું નાળિયેરનો થોડો ખોળ આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા! હું તને ખોળ આપીશ. પરંતુ પીલવા માટે ટોપરા નથી તારે ક્યાંકથી થોડા ટોપરા લાવવા પડશે" ચકાલ નાયરે કહ્યું.

આ સાંભળીને કુંદાળો દેડકો જલ્દી ટોપરા મેળવવા માટે પુન્નપ્રાના નાળિયેરવાલા ચુપ્રનની પાસે પહોંચી ગયો. એણે ચુપ્રનને આમ કહ્યું :

"ટોપરાવાળા, ટોપરાવાળા ચુપ્રન! હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને રૂ આપવાવાળા કુન્ચવરાનના કપાસના છોડને ખાતર પૂરું પાડવા છાણ આપવા સંમત થયેલી કુન્ચી ગાયની ભૂખ ભાંગવા નાળિયેરનો ખોળ આપવા તૈયાર થયેલા ચકાલ નાયરની ઘાણીમાં પીલવા માટે એક કિલોગ્રામ ટોપરા આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા! હું તને ટોપરા જરૂર આપીશ. પરંતુ ટોપરા ઊતારવા માટે એક કિલોગ્રામ જેટલા સુકા નાળિયેર તારે લાવવાના રહેશે."

આ સાંભળીને દુંદાળો દેડકો નાળિયેર મેળવવા માટે મંગારે પેંગન તંડારને ત્યાં ગયો એણે પેંગન તંડારને આમ કહ્યું :

"પેંગન તંડાર, પેંગન તંડાર! હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું. ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને રૂ આપવાવાળા કુન્ચવરાનના કપાસના છોડને ખાતર પૂરૂં માંડવા માટે છાણ આપવા સંમત થયેલી કુન્ચી ગાયની ભૂખ ભાંગવા નાળિયેરનો ખોળ આપવા તૈયાર થયેલા ઘાંસી ચકાલ નાયરની ઘાણીમાં પીલવા માટે એક કિલોગ્રામ

ટોપરા આવવા તૈયાર થયેલા ચુપ્રનને સુકવવા માટે નાળિયેરની એક લૂમ આપીશ કે?"


"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા! હું તને નાળિયેરનું એક ઝુમખું ચોક્કસ આપીશ. પરંતુ નારિયેળી પર ચઢવા માટે એક સીડી લાવી આપ." તંડારે સૂચન કર્યું.

આ સાંભળીને દુંદાળો દેડકો બાંબુની એક સીડીની શોધમાં બાંબુ વાઢતી કાનન જિપ્સી પાસે ગયો, એ બોલ્યો :

"કાનન જિપ્સી, ઓ બેન કાનન? હસતાં હસતાં આ ગુલામનું પેટ ફાટી ગયું ફાટી ગયેલા પેટને સાંધી આપવા કબૂલ થયેલી દરજણ પોન્નમ્માને દોરો વણી આપવા તૈયાર થયેલા વણકર ચાતુને રૂ આપવાવાળા કુન્ચવરાનના કપાસના છોડને ખાતર પૂરૂં પાડવા માટે છાણ આપવા સંમત થયેલી કુન્ચી ગાયને એની ભૂખ ભાંગવા માટે નાળિયેરનો ખોળ આપવા તૈયાર થયેલા ઘાંચી ચકાલ નાયરની ઘાણીમાં પીલવા માટે એક કિલોગ્રામ ટોપરા આપવા તૈયાર થયેલા સુપ્રનને સુકવવા માટે નાળિયેરનું એક ઝુમખું આપવાની હા પાડનારા પેંગાન તંડારને બામ્બુની એક સીડી જોઈએ છે. એ તું આપીશ કે?"

"અરે એમાં શી મોટી વાત છે, દુંદાળા! હું તને બામ્બુની એક સીડી વનમાંથી કાઢી આપીશ, પરંતુ મારા વાળમાં ખોસવા માટે તું મંદિરના તળાવમાંથી સફેદ કમળનું એક ફૂલ તોડી લાવ." કાનન જિપ્સી બોલી.

આ સાંભળીને દુંદાળો દેડકો ઝડપથી તળાવમાં ખાબક્યો અને તરીને આગળ વધીને સફેદ કમળનું ફૂલ તોડી લાવીને કાનન જિપ્સીને આપ્યું.



કાનન જિપ્સી બાંબુ સીડી કાપી લાવી અને દુંદાળા દેડકાને આપી.

દુંદાળા દેડકાએ બાંબુની સીડી પેંગન તંડારને આપી.

પેંગન તંડારે જલ્દી નારિયેળી પર ચઢીને નાળિયેરનું એક ઝુમખું નીચે નાખ્યું. દેડકાએ આ નાળિયેર લઈ જઈને ચકાલ નાયરને આપ્યા. ચકાલ નાયરે ઝટપટ નાળિયેર પીલીને તેમાંથી નીકળેલા નાળિયેરના ખોળની એક ટોપલી ભરીને દુંદાળા દેડકાને આપી. આ ખોળ બધોય દેડકાએ કુન્ચી ગાયને આપી દીધો.

કુન્ચી ગાયે છાણનો એક પોદળો દેડકાને આપ્યો. દેડકાએ આ છાણ કપાસના છોડને નાખ્યું. રૂવાળાએ ટોપલી ભરીને રૂ આપ્યું. દેડકાએ આ રૂ વણકરને આપ્યું.

વણકર ચાતુએ એક હાથ લાંબો દોરો આપ્યો અને દેડકાએ એને લઈ જઈને દરજણ પોન્નમ્માને આપ્યો.

દરજણે તો ઝટપટ સોઈ દોરો લઈને દુંદાળા દેડકાના ફાટી ગયેલા પેટને સાંધી આપ્યું. દેડકાનું પેટ સારું થઈ ગયું.

દુંદાળો દેડકો ડ્રાઉ ડ્રાઉ ગીત ગાતો આનંદથી નાચતો કૂદતો કુડમાળૂરના કુન્યુણ્ણી મામાના રસોડામાં પાછો ગયો.

❑❑❑

Indian Institute of Advanced Study
116942
8/12/04
SHIMLA

Popatono Desh (Gujarati), Rs. 50 ISBN 81-260-0730-3

નાના બાળકોએ યાદ કરી કરીને માણવા જેવી કેટલીક વાર્તાઓ સિપ્પી પળ્ળિપ્પુરમ "પોપટોનો દેશ"માં રજૂ કરે છે. તેમને 1985 માં બાળસાહિત્ય માટેનો એવૉર્ડ મળ્યો છે. પોપટગ્રામનો ચાંચલાલ કીર, ચિંતામણી ગગણી અલંકારી, સુવર્ણા સમડી, લુચ્ચી કાગડી વગેરે સરસ મજાનાં કથાપાત્રોથી ભરપૂર, સન્માર્ગે દોરનારી ચૌદ વાર્તાઓ છે. અદેખાઈ, છેતરપિંડી, આળસ વગેરે દુર્ગુણોનો ત્યાગ કરી બાળહૃદયમાં અથાગ પરિશ્રમનું આરોપણ કરી વિકાસ સાધવામાં સિપ્પીની આ આદર્શ કથાઓ સહાયક બની રહે છે.

"પોપટોનો દેશ" બાળકોનાં મનમાં ચોક્કસ રમ્યાં જ કરશે.

સાહિત્ય અકાદેમી 22 ભાષાઓમાં પુસ્તકો પ્રકાશિત કરત
વિશ્વની સહુથી મોટી પ્રકાશન સંસ્થા

Library IIAS, Shimla
GJ 028.5 P 176 P
00116942